Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક નં. ૯
વિ. સં.
૧૯૬૭
અંક ૧થી ૧૨
સળંગ ૧૯૯૧-૧૦૨

શ્રી આત્માનંદ પ્રકાશ
પુસ્તક નંબર : ૯

AKASH

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

## પુસ્તક ૯ મું.

સંવત ૧૯૬૭ના શ્રાવણથી સંવત ૧૯૬૮ના અષાડ સુધી અંક ૧૨

" सेव्य सदा श्री गुरु कल्पवृक्ष "

वांछा चेद्भूरिदुःखोद्भवभवजलधेरात्मनस्तारणेऽत्र ।
स्वातांतर्वासितोग्रप्रखरकुविषयव्यालयूथप्रणाशे ।
चात्मारामे विरामे विधिसमुदयत्कर्मजालादबालात् ।
"आत्मानंदप्रकाशं" जिनमतसिका वाचयध्वं प्रमोदात् ॥१॥

પ્રગટ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા;
ભાવનગર.

વીર સંવત્ ૨૪૩૭-૩૮ આત્મ સંવત્ ૧૬-૧૭ સને ૧૯૧૧-૧૨

વાર્ષિક મૂલ્ય રૂા. ૧ પોસ્ટેજ ચાર આના.

ભાવનગર—ધી " આનંદ " પ્રીન્ટીંગ પ્રેસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

## प्रभु स्तुति.

अगम्यमध्यात्मविदामवाच्यं वचस्विनामक्षवतां परोक्षम् ।
श्रीवर्धमानाभिधमात्मरूपमहं स्तुतेर्गोचरमानयामि ॥ १ ॥

ભાવાર્થ—અધ્યાત્મી પુરૂષોને પણ જે અગમ્ય છે, બૃહસ્પતિ જેવા સમર્થ વિદ્વાનો વડે પણ અવાચ્ય છે, અને છદ્મસ્થ જનોને પરોક્ષ છે એવા શ્રી વર્ધમાન નામના ચરમ તીર્થંકર મહારાજની હું સ્તુતી કરૂં છું.

## गुरु स्तुति.

ज्ञानांभोनिधये महोपकृतिभिः ख्याताय सद्भारते ।
श्रीमद्वीरजिनेशवाग्वरवनी संसेविने श्रीजुषे ॥
प्रेमोल्लास विधायिने निजजने विद्याविनीते वरे
स्वस्ति श्री परिवारयुक्त विजयानंदाय सत्सूरये ॥ १ ॥

"જ્ઞાનના સમુદ્રરૂપ, મહાન્ ઉપકારોથી ભારતવર્ષમાં પ્રખ્યાત થયેલા, શ્રી વીરપ્રભુની વાણીરૂપ વાટિકાને સેવન કરનારા, સ્વર્ગ-લક્ષ્મીને સેવનારા અને વિદ્યાથી વિનીત એવા પોતાના ભકતો ઉપર પ્રેમ કરનારા પરિવાર સહિત શ્રી વિજયાનંદ સૂરિવરનું કલ્યાણ થાઓ." १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| નંબર | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | નવીન વર્ષારંભે માંગલ્ય સ્તુતિ .... .... | ૧. |
| ૨ | ગુરૂ સ્તુતિ .... .... ... | ૧-૨૯૨-૩૨૧. |
| ૩ | આશિર્વાદ .... .... .... .... | ૨. |
| ૪ | મારૂં નવીન વર્ષ .... .... .... | ૩. |
| ૫ | અધ્યાત્મ રસીક શ્રીમાન્ ચીદાનંદજી કૃત પદ સંગ્રહ (વ્યાખ્યા સહિત) | ૮, ૪૦, ૧૫૫, ૨૬૮. |
| ૬ | બારવૃતના અંતરંગ હેતુઓ. | ૧૧, ૪૮, ૮૯, ૧૧૭, ૨૨૬. |
| ૭ | જૈન દર્શન અને તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન | ૧૫, ૮૨, ૧૦૯, ૧૩૭. |
| ૮ | જૈન શાસન અને તેના ભાવનગરના ખબર પત્રીની ભ્રમણાનો ખુલાસો. .... .... .... .... | ૨૯. |
| ૯ | ગ્રંથાવલોકન .... .... | ૩૬, ૨૯૦, ૩૧૯ ૩૯૭. |
| ૧૦ | વર્તમાન સમાચાર.... | ૩૬, ૬૩, ૯૫, ૧૨૩, ૧૪૯. ૧૭૩, ૨૦૩, ૨૩૧, ૨૬૫, ૨૮૯, ૩૧૫, ૩૧૮ ૩૯૫. |
| ૧૧ | પ્રભુ સ્તુતિ. | ૩૯, ૧૫૩, ૧૭૭, ૨૬૭, ૨૯૧. |
| ૧૨ | આત્મ જ્ઞાનનો સરળ-શુદ્ધ માર્ગ. | ૪૩, ૭૪, ૧૦૨. ૧૩૦, ૧૫૮, ૨૪૩, ૨૮૪, ૩૦૫. |
| ૧૩ | વિચાર વાણી અને આચારમાં અસાધારણ અંતર.... | ૫૨. |
| ૧૪ | જૈન સાહિત્ય. .... .... | ૫૯, ૧૬૫, ૨૨૩. |
| ૧૫ | શ્રી મહાવીર જિન સ્તોત્ર (વ્યાખ્યા સહિત) | ૭૧, ૯૮, ૧૨૭. |
| ૧૬ | કુધારામાં નિદ્રાવશ મનુષ્યની જાગૃતિ. .... | ૭૪. |
| ૧૭ | શ્રીઅજ્ઞાન તીમિર ભાસ્કર ગ્રંથના સંબંધમાં એકવિનંતી | ૯૫. |
| ૧૮ | વીક્રમ નવીન વર્ષના માંગલ્ય વચનો. .... | ૯૭. |
| ૧૯ | અનિત્ય ભાવના. .... .... .... | ૧૦૧. |
| ૨૦ | પ્રભુ પ્રાર્થના. .... .... ... | ૧૨૫. |
| ૨૧ | વિષય વિરક્ત વીરાષ્ટક. .... .... .... | ૧૨૬. |
| ૨૨ | ધર્મ પરિક્ષા. .... .... .... | ૧૪૫. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૩ | ઈર્ષા પચીશી. .... .... .... | ૧૫૩. |
| ૨૪ | શ્રાવિકા કર્તવ્ય. .... .... .... | ૧૬૯. |
| ૨૫ | સદ્‌બોધ ભાવના. .... .... .... | ૧૭૮. |
| ૨૬ | નિઃસ્વાર્થ વૃત્તિ કેવી હોઈ શકે ? .... | ૧૭૮. |
| ૨૭ | શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રા વિધિ. | ૧૮૬, ૨૧૦, ૨૩૪. |
| ૨૮ | આદિશ્વર જિન સ્તવન .... .... .... | ૨૦૯. |
| ૨૯ | એક ખુલાસો. .... .... .... | ૨૩૧. |
| ૩૦ | સમ્યક્ પ્રાર્થના. .... .... .... | ૨૩૩. |
| ૩૧ | કર્મ વિપાક ભાવ. .... .... .... | ૨૩૩. |
| ૩૨ | સમગ્ર જૈન જાતિની ઉન્નતિનો ઉપાય. .... | ૨૫૬. |
| ૩૩ | જૈન દૃષ્ટિએ નાટકોનું સંપ્રવર્તન. .... | ૨૭૦. |
| ૩૪ | સાહિત્ય પરિષદ અને જૈન સાહિત્ય. .... | ૨૭૬. |
| ૩૫ | ડભાસંગ દુષ્કાળ ફંડ સંબંધી હકીકત | ૨૮૭, ૩૧૪. |
| ૩૬ | આપણી આધુનીક સ્થિતિનો દુઃખ દાયક ચિતાર. | ૨૯૩. |
| ૩૭ | બ્રહ્મચર્ય પાળવાની અનિવાર્ય અગત્ય. .... | ૨૯૬. |
| ૩૮ | ખરો જૈન કોણ ? .... .... .... | ૩૧૦. |
| ૩૯ | આ સભાનો કરવામાં આવેલો સોળમો વાર્ષિક મહોત્સવ | ૩૧૭ |
| ૪૦ | વડોદરા શહેરમાં થયેલા સાધુ સંમેલનનું વિજય ગીત | ૩૨૧. |
| ૪૧ | શ્રી શાસન દેવીનો હર્ષોદ્‌ગાર .... .... .... | ૩૨૨. |
| ૪૨ | વડોદરા સંમેલને ભરેલું સ્તુત્ય પગલું અને તેનું કરવું જોઈતું અનુકરણ. .... .... .... .... | ૩૩૫. |
| ૪૩ | વડોદરા મુનિ સંમેલનનો અહેવાલ. .... .... | ૩૪૮. |
| ૪૪ | સંમેલનને પુછવામાં આવેલ પત્ર દ્વારા પ્રશ્નો અને તેનો શાસ્ત્રાધારે આપેલો જવાબ .... .... | ૩૭૭. |
| ૪૫ | વડોદરા મુનિ સંમેલનમાં હાજર થયેલા મુનિ મહારાજાઓનું લીસ્ટ .... .... .... .... | ૩૮૦. |
| ૪૬ | આચાર્ય મહારાજશ્રી વિજયકમળસૂરિની ગુણ સ્તુતિ | ૩૮૧. |
| ૪૭ | વડોદરા મુનિ સંમેલને પસાર કરેલા ઠરાવો પૈકી ચૌદમા ઠરાવ માટેની અગત્ય સૂચના .... .... | ૩૮૨. |
| ૪૮ | વડોદરા સંમેલન માટે ન્યુસ પેપરોના અભિપ્રાયો .... | ૩૮૮. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૭. શ્રાવણ અંક ૧ લો.

## नवीन वर्षारंभे मांगल्य स्तुतिः ।

### शार्दूलविक्रीडितम् ।

येषां संस्मरणं तथा प्रणमनं पापौघविध्वंसनं ।
कर्मौघप्रबलप्रवेगशमनं श्रेयस्करं प्राणिनाम् ।
नौरूपं भववारिधिप्रतरणे मोक्षाध्वसंदर्शकं ।
तेभ्यः शांतिधरेभ्य एव सततं तीर्थंकरेभ्यो नमः ॥ १ ॥

જેમનું સ્મરણ અને નમન પ્રાણીઓના પાપના સમૂહને નાશ કરનારૂં, કર્મરાશિના પ્રબળ વેગને શમાવનારૂં, કલ્યાણ કરનારૂં, આ સંસારરૂપ સમુદ્રને તરવામાં નાવરૂપ અને મોક્ષના માર્ગને દર્શાવનારૂં છે, તે શાંતિધારી તીર્થંકર ભગવંતોને નમસ્કાર છે. ૧

---

## गुरु स्तुति.

यस्यास्याद्वचनोर्मिरंगललिता संनिर्गता शांतिदा ।
स्याद्वादामलतीरतत्त्वविटपिप्रोल्लासंसदायिनी ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भव्यात्मानघपांथतर्पणकरी ग्रंथावलीजान्हवी ।
नित्यं भारतमापुनाति विजयानंदाख्यसूरिं नुमः ॥ २ ॥

જેમના મુખમાંથી પ્રગટ થયેલી ગ્રંથશ્રેણીરૂપ ગંગા કે જે વચન રૂપ તરંગોના રંગથી સુંદર છે, જે સ્યાદ્વાદરૂપ નિર્મલતીર ઉપર રહેલા તત્ત્વરૂપી વૃક્ષોને ઉલ્લાસ આપનારી છે અને ભવી આત્મારૂપી નિર્દોષ મુસાફરોને તૃપ્તિ અને શાંતિ આપનારી છે, તે ગ્રંથશ્રેણી રૂપ ગંગા અદ્યાપિ આ ભારતવર્ષને પવિત્ર કરે છે, તે **શ્રી વિજયાનંદસૂરિજીને** અમે સ્તવીએ છીએ. ૨

---

## गीतिः

विहरन् वितरन धर्मं, सुचरन् चारित्रधर्मसन्मार्गे ।
जयति ज्ञानांभोनिधिः श्रीविजयानंदसूरिपरिवारः ॥ ३ ॥

વિહાર કરી ધર્મનું દાન કરનાર અને ચારિત્ર ધર્મના શુદ્ધ માર્ગે ચાલનાર ન્યાયાંભોનિધિ શ્રી **વિજયાનંદસૂરીનો** પરિવાર જય પામે છે.

## આશીર્વાદ.

### દ્રુતવિલંબિત.

સકળ જૈન સમાજ [1]સુસાજને, ધરી કરો સુખકારક કાજને;
વિમલ બોધ ધરો જિન બાળકો, અતિ બનો સુદયા[2] ધન પાળકો. ૧
ધરિ સુકેળવણી જિન બાળિકા, સુખી રહો સ્વપતિ વ્રત પાળિકા,
સધન[3] સર્વ સખાવતને કરો, સકલ દીન[4] તણાં દુઃખને હરો. ૨
સહુ સધર્મિ જનો સુખમાં રહો, મુખથી શાસનનો જય ઉચ્ચરો,
જય ચતુર્વિધ સંઘ તણો સદા, નહિં કુસંપ રહો મનમાં કદા. ૩

---

૧ સારા સાધનોને ૨ દયા રૂપી ધનના પાલનાર. ૩ ધનવાન્ ગૃહસ્થો. ૪ ગરીબ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગીતિ.

જય પામો ગ્રાહક ગણ, પ્રેમ ધરી પત્ર આ સદા વાંચો;
**આત્માનંદ પ્રકાશી, આત્મારામે રમી સદા રાચો. ૧**

# મારૂં નવીન વર્ષ.

પરમ પવિત્ર પર્યુષણ પર્વથી સુશોભિત એવા શ્રાવણ માસનો પ્રવેશ થઈ ચુકયો છે. આસ્તિક આર્હત ભકતોના ભાવિક હૃદયમાં ઉચ્ચ ભાવનાઓના પરિણામ વધતા જાય છે. જૈન વર્ગની ધાર્મિક અને આત્મિક ઉન્નતિના કારણ રૂપ આ પવિત્ર પ્રસંગે મારો નવમા વર્ષમાં પ્રવેશ થાય છે. અષ્ટસિદ્ધિની સંખ્યાને બતાવનારા આઠ વર્ષો આત્મિક આનંદ સાથે મેં પ્રસાર કર્યા છે. હવે નવપદજીની સંખ્યાના મહિમાના ઉદયની આશા ધારણ કરી નવમા વર્ષની મારી સ્થિતિ પ્રાપ્ત થઇ છે. હું હજી બાલ્ય વયમાં છું, તથાપિ મારા પ્રધાન મુખ પૃષ્ઠ ઉપર એક મહાત્મા ગુરૂના નામથી મને અલંકૃત કરવામાં આવ્યું છે, અને પરમ ઉપકારી મહાનુભાવ મુનિવરો મારા સ્વરૂપને દયાર્દ્ર દૃષ્ટિથી વિલોકે છે તેમજ પવિત્ર વૃત્તિવાલા ગૃહસ્થો મારૂં હૃદયથી બહુ માન કરે છે, તેથી હું બાલ છતાં પ્રૌઢ વયની દશા ભોગવું છું.

પ્રિય ગ્રાહકગણ, તમારા આસ્તિક હૃદયને આત્મિક આનંદ આપવા માટે હું યથા શક્તિ પ્રયત્ન કરૂં છું. મારા સદ્બોધક વિષયો તમારી મનોવૃત્તિને પ્રસન્ન કરે અને તેમાં ગૃહધર્મ, નીતિ, વૈરાગ્ય અને અધ્યાત્મના વિચારો ભરપૂર કરે, એ મારી અંતરંગ ઈચ્છા છે; તે પૂર્ણ કરવા મારી યથા શક્તિ પ્રવૃત્તિ છે.

પ્રિય અધિકારી ગૃહસ્થો, આર્હત ધર્મના આગમનો મહાન સાગર મથન થઈ શકે તેવો નથી, એ મહાન્ સાગરનું એક બિંદુ પણ બુદ્ધિગમ્ય કરવું અશકય છે, એ વાત નિર્વિવાદે સિદ્ધ છે, તથાપિ મને આશ્રય આપનારા પવિત્ર ધર્મ ગુરૂઓ તથા જૈન બંધુઓના પ્રભાવથી હું મારા પ્રિયવાચકોની સમક્ષ કેટલાએક હીતકર વિષયો પ્રગટ કરવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમર્થ થઇ શકું છું. કેટલાએક ગંભીર વિષયોની ચર્ચાઓ કે જેની અંદર અધિકારી વાચકો પ્રવેશ કરી પોતાના જ્ઞાનાંકુરને ખીલાવી શકે તેવા હેતુથી પ્રગટ કરવામાં આવે છે. મારા પ્રિય વાચકોના જીવનમાંથી, વ્યાપારમાંથી, વિચારમાંથી, અને આચારમાંથી ગાંભીર્ય વિવેક, તથા વિનય પ્રમુખ સદ્દગુણો પ્રત્યક્ષ રીતે વધતા જાય, આ જગતમાં મનુષ્યભવ પ્રાપ્ત કરી મરણની વચમાં જાણે ખાવા પીવા અને મોજ મઝાહ કરવા વિના બીજું કશું કર્ત્તવ્યજ ન હોય, તેવી લઘુતા, ચંચળતા, વિકલતા વાચકોના અંગમાંથી દૂર થઇ જાય, અભિમાન, સંકુચિત હ્રદય અને વિચાર સાથે સ્વચ્છંદતા, ગંમત, મોજ એ સર્વત્ર નિયામક થઇ ગયા હોય એવું ખેદકારક ભાન પ્રગટ ન થાય, તેમજ જીવન અને તેનો ઉપયોગ અને નિર્વાહ તથા સ્વરૂપ વિષેના ગંભીર વિચારો પ્રગટ થાય તેવા વિચારોને અનુસરી મહત્કાર્યોમાં પ્રવેશ કરવાનાં સાહસ, સ્વાર્પણ અને આગ્રહ પોતાના વર્ત્તનમાં પ્રતિક્ષણે દર્શાવે, અને કાર્યસિદ્ધિના રહસ્ય માર્ગનું જાણે વિસ્મરણ થઇ ગયું હોય તેવું વર્તમાન સમયમાં વાંચનની સ્થિતિથી જે જણાઇ આવે છે, તેવી સ્થિતિની પૂરી સુધારણા થાય, તેવો પ્રયાસ કરવાની મારી પ્રતિજ્ઞા છે. તે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા હું સદા ઉત્સાહિત રહું છું.

પ્રિય પાઠકો, વર્ત્તમાન સમયનું જીવન કેવળ એક રમત જેવું નકામું, હલકું અને સ્વાર્થી થઇ ગયું છે, તેવા જીવનને અંગે અનેક જાતના પરસ્પર કલહ, કુસંપ અને દ્વેષ વધી પડ્યા છે, તેની શાંતિ કરવાની ખરેખરી જરૂર છે. તેની શાંતિના ઉપાયો યોજવા એ પ્રત્યેક પુત્રનું કર્ત્તવ્ય છે, તેથી મેં પણ એ કર્ત્તવ્યને પ્રધાન રાખીને જ મારા પ્રિય વાચકોની સેવા કરી છે. અને હજી પણ તેવી સેવા સતત્ કરવાને હું ઉત્સાહિત રહું છું. આજકાલ વાંચન કલા વધી છે, પણ તે કલાનું શુદ્ધ સ્વરૂપ ક્વચિત્ જ દેખાય છે. મનન પૂર્વક વાંચન થતું જ નથી; એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. વિચાર્યા વિના વાંચી જવાય તેવા જ વાંચનની આ સમયે ભૂખ ઉઘડી છે, આથી તત્ત્વશાસ્ત્ર અને ગહન વિચારના વિષયો મનન પૂર્વક વાંચવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની લોકરૂચિ જોઇએ તેવી જાગ્રત થઇ નથી. એ રૂચિ જાગ્રત કરવાને માટે મારા અંતરની તીવ્ર ઈચ્છા છે. તે શ્રી વીર પ્રભુના શાસનદેવતા પૂર્ણ કરો.

પ્રિય ગ્રાહકગણ. ગતવર્ષ પોતાના પૂર્વ ભાગમાં ધાર્મિક અને સાંસારિક સ્થિતિમાં સામાન્ય રીતે પ્રસાર થયું છે, પરંતુ તેનો ઉત્તર ભાગ ચાલતા પંચમ આરાથી બહુ રીતે કલુષિત થયો છે, તેથી મારૂં હૃદય ખેદાતુર થયું છે, તે છતાં મેં મારા સ્વરૂપમાં કોઇ જાતનો વિકાર ઉત્પન્ન કર્યો નથી અને સર્વમાં સંપ અને શાંતિની ચાહના રાખી છે. કાલના પ્રભાવથી પ્રવર્ત્તતા અનુચિત ભાવો તરફ ઉપેક્ષા રાખી મારા નામની સાર્થકતા જેવી રીતે જગતમાં કહેવાણી છે, તેને કાયમ રાખવા માટેજ મેં મારી સ્થિતિ તટસ્થ ભાવે રાખી છે. અને હજુ પણ રાખવાની ઇચ્છા છે.

ગત વર્ષમાં નાના મોટા એકંદરે ૪૩ લેખો આપવામાં આવ્યા છે જે લેખોમાં મોટો ભાગ પરમ ઉપકારી મુનિ મહારાજ શ્રી કપૂરવિજયજી મહારાજનો છે. તેઓ સાહેબે નિરંતર મારા પર કૃપાદૃષ્ટિ રાખી મારૂં પોષણ કર્યું છે. સિવાય બીજા લેખો success, એક ઉપકારી મહાત્મા, મી. મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એલ. એલ. બી. વિગેરે જુદા જુદા લેખકોના છે.

પૂર્ણ થયેલા ગત્ વર્ષમાં વિવિધ છંદોમાં શ્રી વીતરાગ પ્રભુની અને શુદ્ધ ચારિત્રધારી ગુરૂની સ્તુતિના તે સાથે ધર્મના સુબોધક ગીતો પ્રગટ કરી તમારી મનોવૃત્તિને મેં આનંદિત કરી છે. મહાનુભાવઅધ્યાત્મ રસિક શ્રી ચિદાનંદજી કૃત પદોના પરમાર્થને સમજાવી તમારામાં અધ્યાત્મ રસનો પ્રવાહ રેડયો છે. અને આ ઉપાધિમય સંસાર તરફ ઉપેક્ષા જાગ્રત કરી છે. તમારી એ દશાને પુષ્ટિ આપવા માટે મહોપાધ્યાય શ્રી યશોવિજય વિરચિત સ્તવન અને શ્રીમદ્ હેમચંદ્રસૂરિ વિરચિત મહાદેવ સ્તોત્રનું વિવેચન કરી સમજાવ્યું છે, અને તમારા હૃદયમાં શ્રી વીતરાગ પ્રભુના સ્વરૂપની ભાવના આરૂઢ કરી છે. આર્હત ધર્મના સ્વરૂપનું યથાર્થ ભાન થવા માટે જૈન દર્શનનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્ષિપ્ત દિગ્દર્શન, તત્ત્વ વિચારણા અને કર્મનું સ્વરૂપ એ વિષયો પ્રગટ કરી તમારી આંતર દશાપર આર્હત ધર્મની સંપૂર્ણ છાપ પાડેલી છે. આ સંસારની વિડંબના ભોગવતા આત્માને તેમાં-થી મુક્ત થવાની સ્પૃહા કરવા માટે પ્રભુ પૂજન જેવા ઉત્તમ પ્રસંગે 'એકાગ્રતાની શૂન્યતા હોવાના ફલ, સ્વપ્નામાં ચિતે આપેલો ઉપદેશ, મનોવૃત્તિનો મુસાફર અને ભવરૂપ ગ્રીષ્મઋતુના વિષયો પલ્લવિત કર-વામાં આવ્યા છે. સંસારરૂપ વિષવૃક્ષની મલિન છાયા નીચે બેઠેલા જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થવા માટે સાધકદશાવાલા ઉચ્ચ પાયરીના જીવોના સાર્થક બત્રીશ વિશેષણો તથા ભવ્યાદિક વિચારના વિષયો દર્શાવવામાં આવેલા છે.

પ્રિય વાચકો, ઉપરના ઉચ્ચ આશયવાલા વિષયો આપી હું સંતુષ્ટ થયેલ નથી, પણ તમારી સાંસારિક સ્થિતિને ઉચ્ચ કોટીમાં લાવવા માટે તે તે વિષયના લેખો પણ મેં પ્રગટ કર્યા છે. જૈન સા-હિત્ય, એક પિતાએ લખેલા પુત્રને પત્રો, જૈન લેખન અને વાંચન, ધર્મ ધૂર્ત્તતા, આપણે કેવા દેખાવું જોઇએ, અને જુદા જુદા શ્રાવકોની સ્થિતિ દેખી મુનિ મહારાજાઓ શું કામ ભડકતા હશે? એ વિષયો મનુષ્ય જીવનની ઉચ્ચકોટીને દર્શાવનારા આપેલા છે. તેઓમાં જૈન દર્શન અને તેનું સંક્ષિપ્ત દિગ્ દર્શન, જૈન સાહિત્ય, અને એક પિતાએ પુત્રને લખેલા પત્રો એ વિષયો હજુ અપૂર્ણ રહેલા છે, તે વિષયોની ઉપયોગિતા વિશેષ હોવાથી આ મારા નવા વર્ષમાં પણ તેમને સ્થાન આપવાની મારી અભિલાષા છે. તે શિવાય મારા વાચક વર્ગની રસાભિજ્ઞતા અને સદસદ્ વિવેક બુદ્ધિ જેથી સંસ્કારિત થાય, અને લેખનનું ગૌરવ તેમના હૃદયમાં સ્ફુરિત થાય એવા બીજા અભિનવ લેખો પ્રગટ કરી હું મારા **આત્માનંદ પ્રકાશ** એ નામને સાર્થક કરવા ઇચ્છા રાખું છું. અને લેખની પ્રવૃત્તિ જે ધાર્મિકતાથી ઉન્નત એવા જીવનને શીખવવા માટે કહેવા-ય છે, તેને યથાર્થ કરવાની મારી ઉમેદ છે. તે મારી ઉમેદ સફલ કરવામાં ભગવાન્ વીર પ્રભુના શાસન દેવતા સહાયભૂત થાઓ. પ્રિય આત્માનંદી અધિકારીઓ, આ વર્ષે મારા પરમ ઉપાસકોએ મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકૃતિમાં જો કે વધારો કર્યો નથી; પરંતુ મારા લઘુ સ્વરૂપને લેખો-વડે ઉત્તમ પ્રકારની વિશાલતા આપી છે, તેથી હવે ધર્મ, નીતિ અને શુદ્ધ વ્યવહાર સંબંધી વિજ્ઞાનથી ભરપૂર એવા વિષય રૂપ સુંદર અલંકારો ધારણ કરવાને હું સમર્થ થઇ શકીશ. અને મારૂં બાહ્ય સ્વરૂપ આંતર (ભાવ) સ્વરૂપનું સૌંદર્ય બતાવી શકશે,એવી આશા રાખું છું.

છેવટે શ્રી વીરપરમાત્માના પ્રભાવિક દેવતા પાસે પ્રાર્થના કરી હું એવી અંતરંગ અભિલાષા ધારણ કરૂં છું કે, મને પોષણ આપનારા લેખકોની બુદ્ધિ નિર્મળ થાઓ, અને ઉત્તમ લેખો લખવાની પ્રતિભા પ્રકાશિત થાઓ, મારી ઉત્પાદક સભાને નિર્વિઘ્નપણું પ્રાપ્ત થાઓ, મારા ગ્રાહકગણુની વૃત્તિ સ્થિર થાઓ અને તેની સંખ્યામાં વૃદ્ધિ થાઓ, મારી ગતિ અસ્ખલિત થાઓ. ચારિત્ર રત્નથી વિભૂષિત થયેલા અને આત્મામાં આરામ કરી રમણ કરનારા અને શ્રી વીરશાસનના વિજયાનંદને વધારનારા મહાનુભાવ મુનિવરો વિજયવંત થાઓ, મારી શુશ્રૂષા કરનારા સદ્ગુણી ગૃહસ્થ શ્રાવકો ઉદયગિરિના શિખર પર આરૂઢ થાઓ, દયા ધર્મની મહત્તાને વધારનારી ભારત વર્ષની સર્વ જૈન પ્રજામાંથી કુસંપ રૂપી વિષવૃક્ષોનો ઉચ્છેદ થઇ જાઓ, અને સમસ્ત ચતુર્વિધ સંઘ સંપ રૂપી કલ્પવૃક્ષની શીતળ છાયાનો આશ્રય કરો. અને સર્વ સ્થળે શાંતિ પ્રસરી, ઉન્નતિ, સંપ, ઐકયતા વધો અને સકળ જૈન સમાજ પોતપોતાની ફરજ સારી રીતે સમજી સમાજને હિતકર થાઓ,જે મારો નવમા વર્ષમાં પ્રવેશ થતો હોવાથી નવપદજી મહારાજની કૃપાવડે મારી થયેલી નિર્મળ વૃત્તિ ઉપરની સર્વ પ્રકારની પ્રાર્થનાઓ ફળીભૂત થવાની સાક્ષી આપે છે, જેથી શ્રી સિદ્ધચક્ર મહારાજા સર્વના મનોવાંછિત પૂર્ણ કરો.

" जीया च्चतुर्विधः संघो, जीयाद् धर्मश्चतुर्विधः।
क्षमा शांती प्रसरतां, पराजवतु पंचमः ॥ १ ॥

" ચતુર્વિધ સંઘ જય પામો, ચતુર્વિધ ધર્મ જય પામો, ક્ષમા તથા શાંતિ પ્રસરો અને પંચમ કાલનો પરાભવ થાઓ.

शांतिः शांतिः शांतिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમાન્ ચિદાનંદજી કૃત.

## પદ.

## (વ્યાખ્યા સહિત)

### રાગ આશાવરી.

( લેખક મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

**અનુભવ આનંદ પ્યારો, અબ મોંહે અનુભવ. એ આંકણી**
**એહ વિચાર ધાર તું જડથી, કનક ઉપલ જિમ ન્યારો અ૦ ૧**
**બંધ હેતુ રાગાદિક પરિણતિ, લખ પરપખ્ખ સહુ ન્યારો;**
**ચિદાનંદ પ્રભુ? કર કિરપા અબ, ભવસાગરથી તારો. અ૦ ૨**

પરમાર્થ—**શુદ્ધ ચેતના** નિજ સ્વામી **ચેતનને** પોતાનો શુદ્ધ આશય સમજાવી જાગૃત કરે છે. શુદ્ધ ચેતના કહે છે કે અનંત કાળ પર્યંત કર્મવશે આપની સંગાતે વિવિધ રાગ રંગ અનુભવી છેવટે તેમાં કશો સાર નહિં દેખવાથી તેથી વિરકત થઇ હવે તો હું ઉદાસીન બની છું અને ઉદાસીનતામાંજ સાર દેખું છું. મતલબ કે હું પર પુદ્ગલિક વસ્તુનો કડવો અનુભવ કરવા હવે ચાહતી નથી. હવે તો મને શુદ્ધ આત્મ અનુભવજ પ્રિય લાગે છે, અને એવા શુદ્ધ આત્માનુભવમાંજ ખરૂં સુખ સમાયેલું છે.

મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથાદિક પ્રમાદની પરવશતાથીજ **ચેતના** મૂર્છિતપ્રાય થઇ જાય છે એવો જ્ઞાનીઓનો સિદ્ધાંત છે. તેથી ઉક્ત પ્રમાદ માત્રનો પરીહાર કરી પર ભાવથી વિરકત થઈ, હું તો હવે ઉદાસીનતાજ ધારીને ખરૂં સુખ અનુભવું છું અને આપ મ્હારા સ્વામીનાથ પણ એવુંજ સત્ય સ્વભાવિક સુખ અનુભવવા ઉજમાળ થાઓ એમ અંતઃકરણમાં ઇચ્છી આપને બે બોલ નિજ કર્તવ્યરૂપે કહું તે તરફ દુર્લક્ષ નહિં કરતાં એકાન્ત હિતરૂપ સમજી તેનો યોગ્ય આદર કરશો. હું તો પુનઃ પુનઃ આપને નિવેદન કરી કહું છું કે મને તો હવે શુદ્ધ આત્મ અનુભવજ પ્રિય છે અને તેમાંજ મને ખરો આનંદ આવે છે જો આપ પણ મારી પેરે શુદ્ધ અનુભવ આનં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ મેળવવા ઇચ્છતા હો તો આપને અનાદિ અવિવેકનો ત્યાગ કરી સ્વપરને સારી રીતે ઓળખાવી આપે એવો ઉત્તમ વિવેક—વિચાર આદરવો જોઇએ.

જો કે અનાદિ અજ્ઞાનાદિક હેતુઓ વડે ઉપાર્જન કરેલાં કર્મયોગે દેહ, લક્ષ્મી અને કુટુંબ પ્રમુખ પર વસ્તુઓનો જીવને સંજોગ મળે છે પરંતુ ખરી રીતે જોતાં તેમાનું કશું પોતાનું નથી. આવા ખોટા સંજોગોથીજ જીવ દુઃખની પરંપરા પામ્યા કરે છે. જેમ રસાયણ શાસ્ત્રી માટીમાંથી સોનું જૂદું કાઢી શકે છે તેમ જ્ઞાની–વિવેકી પુરૂષો પણ ખરા જ્ઞાન–વિવેકના બળથી પોતાના આત્મતત્ત્વને પર—જડ વસ્તુઓથી જૂદો કરી શકે છે. ખરા જ્ઞાની–વિવેકી જડ વસ્તુથી વિરક્ત રહે છે. અને અનુક્રમે ઉગ્ર વૈરાગ્યના બળથી ઉદાસીન દશાને પામે છે. શ્રીમાન્ યશોવિજયજી મહારાજે શમતા શતકમાં ઉદાસીનતાનું આવું લક્ષણ કહ્યું છે. " **અનાસંગ મતિ વિષયમેં, રાગ દ્વેષકો છેદ, સહજ ભાવમેં લીનતા ઉદાસીનતા ભેદ** " એવી ઉદાસીનતા પ્રાપ્ત થાય તો સહેજે આત્મ અનુભવ અને તેથી થતો સહજ આનંદ પણ મેળવી શકાય.

પરંતુ રાગ દ્વેષાદિક તેના પ્રતિબંધક કારણો જાણી તે અવશ્ય પરીહરવાં જોઇએ. રાગ દ્વેષાદિક દોષોનો ત્યાગ કર્યા વગર શુદ્ધ આત્મ અનુભવ યા સહજાનંદ પ્રાપ્ત થઇ શકે તેમ નથી. શ્રીમાન્ યશોવિજયજીએ કહ્યું છે કે—

**" તાકો કારણ નિરમમતા, તામેં મન અભિરામ,**
**કરે સાધુ આનંદઘન, હોવત આતમરામ "**
**મમતા થિર સુખ શાકિના, નિરમમતા સુખ મૂલ**
**મમતા શિવ પ્રતિકૂલ હૈ, નિરમમતા અનુકૂલ "**

( શમતાશતક )

એમ સમ્યગ્ વિચારી રાગ દ્વેષ મુળ મમતાને અવશ્ય નિવારવી જ જોઇએ, અન્યથા જેમ ઉપાધ્યાયજી ભગવાન કહે છે તેમ " **હા હા મોહકી વાસના, બુધકું ભી પ્રતિકૂલ;**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યા કેવલ શ્રુત અંધતા, અહંકારકો મુલ " વિપરીત આચરણ થી જીવ ભવ ભ્રમણ સંબંધી દુઃખનોજ ભાગી થાય છે. તેથી જેમ સમસ્ત દુઃખનો અંત આવે તેમ મહા પુરૂષ પ્રણિત માર્ગને સેવવા જરૂર સાવધાન થવું જોઇએ. યતઃ—ટાળે દાહ તૃષા હરે, ગાળે મમતા પંક, લહરી ભાવ વૈરાગ્યકી, તાકો ભજો નિશંક "
( શમતાશતક )

આવી રીતે સદ્વિવેક આદરીને સ્વપર ( ચેતન અને જડ ભાવ ) ને જુદા જુદા ઓળખી લેવા જોઇએ અને તે એવી તો સારી રીતે કે સ્વપ્નમાં પણ દેહાદિક જડ વસ્તુઓમાં પોતાપણાની બુદ્ધિ થવા પામે નહિં, એટલુંજ નહિં પણ અતિ ઉગ્ર વૈરાગ્ય ધારા વડે ઉદાસીન દશા સદાય છાઇ રહેવાથી આત્મા પરમ સ્થિરતા—શીતળતાને સ્વયં વેદે ( અનુભવે ) અને સમાગમમાં આવનાર ભવ્ય જનો પણ તેનો યથેષ્ટ લાભ મેળવી શકે. અહો રાગ દ્વેષ યા મમતાથી જીવને કેટલો ઉપતાપ ! અને વિવેક પૂર્વક વૈરાગ્ય વૃત્તિથી સમતાનું સેવન કરવાથી કેવી અદ્ભુત શાંતિ ! બનેમાં આટલું બધું અંતર સમજી સહૃદય જરૂર શાંતિનો માર્ગ ગ્રહવા ઉચિત પ્રયત્ન કરશે એટલે અશાંતિના સમસ્ત કારણો તે તજી શાંતિ ઉપજાવનારાંજ સમસ્ત કારણોનું સેવન કરશે.

અનંત જ્ઞાન, દર્શન, અને ચારિત્રાદિક ગુણોના સ્વામી પરમાત્માની પાસે પણ હું એજ પ્રાર્થું છું કે હે પ્રભુ ? અત્યાર સુધીમાં અમારા માથે બહુ બહુ વીતી, ચારે ગતિમાં અમે બહુ કડવા અનુભવ કર્યા, તે સહુ અમારી જ ભૂલ અજ્ઞાનતાદિકથીજ હવે તો કૃપાસિંધુ ? આપ એવી કૃપા અમ ઉપર કરો કે જેથી અમે આ દુસ્તર ભવ સમુદ્રનો પાર પામી શકીએ. અમને એવી સન્મતિ આપો કે જેથી ભવભ્રમણ કરાવનાર સમસ્ત દોષોનું દલન કરવા અમારામાં પુરૂષાતન જાગે એટલે અમે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનું સમ્યગ્ આરાધન કરવા સુશ્રદ્ધાવંત જ્ઞાની અને ચારિત્રપાત્ર એવા સદ્ગુરૂનું પુષ્ટ આલંબન ગ્રહી ઉક્ત રત્નત્રયીને નિર્મળ ભાવે આદરી શુદ્ધ અનુભવ આનંદમાંજ મગ્ન થઈએ. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બાર વ્રતના અંતરંગ હેતુઓ.

શ્રી તીર્થંકર પ્રણીત આર્હત ધર્મનું રહસ્ય કેટલું ગંભીર અને ગહન છે ? તે તેની ધાર્મિક યોજના ઉપરથી સિદ્ધ થાય છે. ભવસ્થિતિના વસ્તુ સ્વરૂપને વિલોકનારા આર્હત્ મહાત્માઓએ ઘણો દીર્ઘ વિચાર કરી આર્હત ધર્મનું સ્વરૂપ બાંધેલું છે. યતિ અને શ્રાવક એ બે વિભાગના જુદા જુદા ધર્મોનું કથન એવી નિપુણતાથી કરવામાં આવ્યું છે કે, જે ઉપરથી ધાર્મિક અને સાંસારિક જીવન બંને નિરાબાધપણે સાધી શકાય તેમ છે. યતિ ધર્મનું રહસ્ય કે જે ઉપરતિમાં વિશ્રાંત થાય છે, તે છતાં તેની અંદર શારીરિક ધર્મોનું રક્ષણ આવી શકે છે. અહિ તો માત્ર ગૃહસ્થ ધર્મને માટે કહેવાનું છે. જૈન મહાત્માઓએ દાન, શીલ, તપ અને ભાવ એવા ધર્મના ચાર વિભાગ પાડી ઉભય લોકના કર્ત્તવ્યોનો બોધ કરી બતાવ્યો છે. તે ધર્મના દરેક વિભાગમાં એટલું બધું ઉત્તમ રહસ્ય રહેલું છે કે, જો તેનો મનન પૂર્વક વિચાર કરવામાં આવે તો આપણને તેમાંથી ઘણું મળી શકે તેમ છે.

પ્રથમ આપણે ગૃહસ્થ ધર્મના વર્ત્તનને માટે વિચાર કરીએ તો તેમાંથી ધર્મ, સંસાર, નીતિ અને બીજા વ્યવહારિક તત્વોનો એટલો બધો ઉત્તમ બોધ મળે છે કે, જે ઉપરથી આપણને તે મહોપકારી મહાત્માઓની ઉપકાર વૃત્તિ તરફ અવર્ણનીય ભાવ ઉત્પન્ન થાય છે.

ગૃહસ્થ ધર્મને અંગે ધર્મના યોજકોએ બીજા અનેક પ્રકારો હેતુ પુર્વક દર્શાવેલા છે, પરંતુ તેઓમાંથી આ સ્થળે ગૃહસ્થ શ્રાવકના બાર વ્રતોને માટે વિવેચન કરવું ઉચિત છે. શ્રાવક જ્યારથી ગૃહસ્થાવાસનો સંપાદક થાય છે, ત્યારથી તેને યાવજ્જીવિત બાર વ્રતો ધારણ કરવાના છે. આર્હત ધર્મમાં કહેલા ઉચ્ચપદ રૂપ શિખર ઉપર ચડવાના એ બાર પગથીઆ છે. એ બાર પગથીઆ ઉપર આરૂઢ થયેલો શ્રાવક સુખેથી પોતાનું ધર્મ કર્ત્તવ્ય બજાવનારો થઇ શકે છે. ગૃહસ્થ શ્રાવક કદિ વૈભવ સંપન્ન ન હોય, વિવિધ પ્રકારના સહાયોથી પરિપૂર્ણ ન હોય, અને સર્વ સાધન સંપન્ન ન હોય, પણ જો તે પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાર વ્રતોને યથાશકિત પાલી શકતો હોય તો, તે સર્વોત્કૃષ્ટ સ્થિતિએ પોહોચવાનો અધિકારી થઇ શકે છે.

એ બાર વ્રતો પાળવામાં કેવળ પરલોકનુંજ હિત સાધી શકાય છે, એમ નથી, પણ તે આલોકના હિતનો પણ પૂર્ણ સાધક બની શકે છે. જેને શાસ્ત્રકારો વ્યવહાર શુદ્ધિ કહે છે, અને લોકો પ્રતિષ્ઠા અને આબરૂ કહે છે, તે પણ એ બાર વ્રતના પાલનથી સિદ્ધ થઇ શકે છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષા વ્રત એ બાર વ્રતો કહેવાય છે, તે વ્રતને આધારે ગૃહસ્થે વર્ત્તવાનું છે. એ વ્રતો અતિચાર રહિત એટલે દોષ રહિત પાલવાના છે.તેઓમાં પેહેલું અણુવ્રત અહિંસા કહેવાય છે. સંકલ્પી સ્થૂલ હિંસાનો ત્યાગ કરવો, જાણી બુઝીને હાલતા ચાલતા બેઈંદ્રય પ્રમુખ જીવોનો વધ ન કરવો, તેમ કહીને કરાવવો નહીં. જીવોના કોઇ અવયવ તોડવા, જીવોને બાંધવા, લાકડી વગેરેથી મારવા, તેમની પાસેથી શક્તિ ઉપરાંત કામ લેવું અને તેમનું ખાનપાન રોકવું, એ પાંચ તે પ્રથમ અણુવ્રતના અતિચારો છે. જ્યારે અતિચાર રહિત એવા આ વ્રતને ધારણ કરે તો ગૃહસ્થ પોતાના અહિંસા ધર્મને પાલનારો ગણાય છે.અહિં અહિંસાનો અર્થ માત્ર બીજાને નિર્જીવ કરવાનો છે,એમ નથી, પરંતુ બીજાને દુઃખ ન આપવાનો પણ છે. અહિંસા એટલે બીજાને પીડા ન કરવી એવો જેનો અર્થ કરવામાં આવે છે, તે આપણું એક પ્રધાન કર્ત્તવ્ય છે; અને પ્રત્યેક પ્રાણિમાત્રનું પણ કર્ત્તવ્ય છે. કેટલાક લોકો એમ સમજે છે કે, માત્ર મનુષ્ય પ્રાણીને ઈજા ન કરવી, એજ અહિસા છે. બીજા પશુ પ્રાણીઓને આપણે ગમે તેમ કરીએ, તેથી કાંઈ હિંસા થતી નથી, પશુઓ પર અત્યાચાર કરવામાં અથવા તો તેમનો જીવ લેવામાં કશો પણ વાંધો નથી. તેમનું એમ સમજવું ઘણુંજ ભૂલ ભરેલું છે. વળી કેટલાએક લોકો નાના પ્રાણીઓ તરફ વિશેષ દયા દર્શાવે છે, તેમને ઉમંગથી પાલે છે, પણ પોતાના જાતિબાંધવ જે મનુષ્યો, તેમને ગમે તેવા દુઃખો દેવાને આપણે સ્વતંત્ર છીએ,એમ ધારે છે એ પણ ભૂલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વથા નિર્મત્સર થઇ જવું, એ જ અહિંસાનું મુખ્ય ભાવ લક્ષણ છે. કદાચિત્ કોઈ પ્રસંગ આવ્યો, એટલે ભોળા ભાવથી અથવા તો કોઈ મુનિરાજના ઉપદેશથી કોઇ પણ મનુષ્ય એકવાર સત્કર્મ કરશે અથવા તો મહાન્ દાન ધર્મ કરી નાખશે, પરંતુ ખરેખરી રીતે જેના મનમાં દ્વેષ કે મત્સર બીજ માટે પણ રહેલ ન હોય, તેજ મનુષ્ય ખરો અહિંસા ધર્મને માનનારો અને સમસ્ત પ્રાણીઓનો હિતકર્ત્તા કહી શકાય છે. પરંતુ સુવર્ણના ચાર કડકા માટે, થોડીક કીર્ત્તિ માટે લોકો એક બીજા પર ચઢાચઢી કરે છે, એ કેટલી બધી શોચનીય વાર્ત્તા છે ! એવા દ્વેષ અને મત્સરનો જ્યાં સુધી મનુષ્યના મનમાં નિવાસ છે, ત્યાં સુધી તેના મનમાં ખરી અહિંસાનો ભાવ કોઈ કાલે પણ આવવાનો નથી. ગાય માંસનું ભક્ષણ કરતી નથી તેમજ બકરાં પણ માંસાહારી નથી જ, એટલે તેમને મોટા યોગી અને અહિંસક જાણવા કે શું ? કિંવા કોઇ મૂર્ખ શિરોમણિએ અમુક પ્રકારના આહારનો ત્યાગ કર્યો તો તેથી વનસ્પતિ આહારી પશુઓ કરતાં તેની મહત્તાને વધારે મોટી પદવી કોઇ પણ આપવાનું નથી. જે મનુષ્યો વિધવા અને અનાથ બાલકોના વિશ્વસ્તમંડળ (ત્રસ્ટ) માં નીમાઇને તેમના માલને પણ સ્વાહા કરી જાય છે. અને ધન પ્રાપ્તિ માટે ગમે તેવા નીચ કૃત્યો કરતાં અચકાતાં નથી; તેવા મનુષ્યો જો માત્ર ઘાસ ખાઇને જીવન ગાળતા હોય, તો તેમને માત્ર પશુજ નહીં કિંતુ મહા પશુ જ સમજવા જોઈએ.

આર્હત ધર્મના મહાત્માઓ લખે છે કે, “ જે મનુષ્યના અંતઃકરણમાં કોઇ વાર બીજા પ્રાણીને પીડવાનો વિચાર માત્ર પણ આવતો નથી અને પોતાના પ્રાણહારક શત્રુને પણ સુખમાં મહાલતો જોઈને જેના મનમાં આનંદ થાય છે, તેજ ખરો ભાવથી અહિંસા ધર્મનો આરાધક છે. તે ઉપરથી સમજવાનું કે, બીજાના બાહ્ય જીવનનો નાશ કરવો, તેજ હિંસા છે, એટલું નહીં પણ બીજાના આંતર જીવનનો નાશ કરવો, બીજાને કોઇ જાતની પીડા કરવી, તે પણ હિંસા જ છે. પહેલા અણુવ્રતને ધારણ કરનારા શ્રાવકે તે ઉભય હિંસાનો ત્યાગ કરવાનો છે, તેથી તે ઉભય લોકમાં પ્રતિષ્ઠાવાલો થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું સ્થૂલ અસત્ય ત્યાગ નામનું અણુવ્રત છે. મીથ્યાઉપદેશ કરવો, બીજાની ગુપ્ત વાર્તાને પ્રગટ કરી દેવી, ચાડી અને નિંદા કરવી, જુઠું નામું તથા જુઠા ખત પત્રાદિ લખવા, હિસાબમાં કોઇ ભુલી ગયું હોય તો તેને નહીં બતાવવું, થાપણ ઓળવવી વગેરે આ પાંચ તેના અતિચાર છે. આ પાંચ અતિચાર રહિત એવું અસત્ય ત્યાગનામે બીજું અણુવ્રત શ્રાવકે પાલવું જોઇએ. ગૃહસ્થ જ્યારે પ્રમાણિકતા રાખે, સત્ય રીતે ચાલે અને એક વચની રહે ત્યારે તે આ લોકમાં પુરો પ્રતિષ્ઠિત થાય છે. નિરતિચાર સત્ય વ્રત પાલવાથી ગૃહસ્થ નીતિના તત્ત્વોને સારી રીતે પાલી શકે છે. તે કદિ પણ રાજકીય શિક્ષાને પામતો નથી. સર્વ લોકો તેને માન આપે છે અને તેની કિંમતી સલાહ ગ્રહણ કરે છે. પૂર્વકાળે આ જગતૂમાં જે જે મહાશયો વ્યવહાર શુદ્ધિને જાળવનારા, નીતિ માર્ગના અનુયાયી અને પ્રમાણિકતાથી પવિત્ર કહેવાયા છે, તે બધો પ્રભાવ તેમના સત્ય વ્રતનોજ હતો એ પવિત્ર વ્રતનો યોગ બીજા પુણ્યના અનેક માર્ગોને દર્શાવે છે. તે વ્રતધારીનું જીવન લોકોપકારી થવાથી અનેક પુણ્યાનુબંધી પુણ્યનું સંપાદક બને છે, બીજા સત્ય વ્રતને લઈ માણસ સત્કાર્યો કરે છે. બીજાને સહાયતા આપે છે. સહાયતા આપતાં છતાં પણ આપણે ઉપકાર કર્યો, એવી ભાવના મનમાં કરતો નથી. તે જે કાંઈ સત્કૃત્ય કરે છે, તેથી નામ, લૌકિક કીર્ત્તિ કે બીજી કોઇ વસ્તુ મેળવવાની આશા રાખતો નથી. જેનામાં એ સત્ય વ્રતની ખામી છે, તેનામાં બીજા અનેક દૂષણો આવી પડે છે. સત્ય વ્રતવાલો સર્વથા નિર્દોષ રહે છે. તે પોતાનાં જાતિ બાંધવોમાં કીર્ત્તિ મેળવવાની આશા ન રાખતાં કિંવા હાજી હાજી ન કરતાં સત્કૃત્યો કરતો રહે છે. તેથી તે વ્રતધારી ખરેખરો ધન્ય અને પરોપકારી કહેવાય છે. જ્યારે તે બીજા અણુવ્રતને સારી રીતે પાલે છે, ત્યારે તે સમજે છે કે, આજીવનની સાર્થકતા અંતરની ઉચ્ચ ભાવનામાંજ રહેલી છે. તે પોતાના ધર્મથી વિરૂદ્ધ આચરણ કરવાની પ્રવૃત્તિ કરતો નથી. તેનું પવિત્ર હૃદય સદ્દગુણોના પ્રબલ પ્રવાહ નીચે દબાઇ ગયેલું હોવાથી તેનામાં બીજી દિશામાં દૃષ્ટિ ફેરવવા જેટલી પણ શકિત રહેતી નથી. તે ખરેખર સંયમી બની જાય છે. તે પોતાની સર્વ અંતઃશકિતઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સત્તાઓને પોતાની ઇચ્છા વિરૂદ્ધ ક્યાંય પણ જવા દેતો નથી. તેનામાં સદ્વિચારોનો પ્રવાહ એક સરખો વહ્યા કરે છે અને તેથી તેના મન રૂપી પટ ઉપર સદ્વિચારોના શુભ ચિન્હોના પ્રતિબિંબો પડયા કરે છે એટલે સત્કર્મો કરવાની તેની શકિત બલવતી થઇ જાય છે. આવો સત્યવ્રતી મનુષ્ય પછી સત્યના સંબંધમાં એટલો બધો આવે છે કે, પછી તેનાથી કોઈ જાતના દુષ્કૃત્યો કરાતા નથી, તેને તમે ગમે ત્યાં નાંખો અને ગમે તે સ્થળે રાખો પરંતુ તેનામાં કોઇ જાતની વિકૃતિ ઉત્પન્ન થતી નથી. તેવો પુરૂષ પછી સમ્યક્ત્વના પૂર્ણ સ્વરૂપને કેમ પ્રાપ્ત ન થાય ? તે અવશ્ય સમ્યક્ત્વ ધર્મનો પૂર્ણ ઉપાસક થાય છે અને આર્હત ધર્મની પવિત્ર ભાવનાનો ઉત્તમ ભાવક બને છે. આપણા વિશ્વોપકારી તીર્થંકરોએ જીવોના ઉદ્ધારને માટે જે વ્રતોની યોજના ઉપદેશિત કરેલી છે, તેની ઉત્તમ પ્રકારની ઘટના ખરેખર પ્રશંસનીય અને આદરણીય છે. પરિણામે તે આલોક તથા પરલોકની સિદ્ધિને આપનારી છે. ગૃહસ્થના અણુવ્રતોનો અંદર રહેલી મહત્તાનું ગાન આર્હત મહાત્માઓ સદા હજારો ગાથાઓથી ગાયા કરે છે

અપૂર્ણ.

---

# જૈન દર્શન અને તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન.

## ( ષડ્ દર્શનોનું જૈન દર્શનમાં અવતરણ. )

[ ગતાંક વર્ષના છેલ્લા અંકના પૃષ્ટ ૩૧૦ થી શરૂ. ]

જૈનદર્શન સ્થિત દ્રવ્યાનુયોગના સંક્ષિપ્ત સ્વરૂપ ગતાંકમાં પૂર્ણ થયું.

**જૈન દર્શનોના સિદ્ધાંતોમાં બૌદ્ધદર્શન.**

પૂર્વે જણાવેલા નિયમાનુસાર અન્ય દર્શનોનાં સિદ્ધાંતોનું અવલોકન કરી તેમનું જૈન દર્શનમાં કેટલે અંશે અવતરણ છે તે હવે તપાસવાની આવશ્યકતા છે. જે જે સરખામણી હવે પછી કરવામાં આવશે તે તે દર્શનોના બાહ્ય આચાર અથવા વેષને અંગે નથી પરંતુ તેમના સિદ્ધાંતોના મૂળ ભેદોને આશ્રીને છે. પુર્વોકત પ્રકારે છ દર્શનોમાંથી જૈન દર્શનને બાદ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ દર્શનોના નામ દર્શાવેલા છે તેમાં પ્રથમ બુદ્ધ દર્શનાનુયાયિ બૌદ્ધો ચાર જાતિના છે.

વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર, માધ્યમિક.

વૈભાષિકો વસ્તુને ક્ષણસ્થાયિ-ક્ષણ વિનાશી માને છે એટલે કે ઉત્પત્તિ જન્મ આપે છે, સ્થિતિ સ્થાપે છે, જરા જર્જરિત કરે છે, અને વિનાશ નાશ કરે છે, તેમ આત્મા પણ તેવોજ છે અને તે પુદ્ગલ કહેવાય છે.

સૌત્રાંતિકો રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર એ પાંચ સ્કંધ શરીર ધારીને છે, પણ આત્મા એવું કાંઇ નથી, આ સ્કંધ પરલોકમાં પણ જાય છે આ પ્રકારે માને છે.

યોગાચારો આ જગત્‌ને વિજ્ઞાન માત્ર માને છે. વાસનાના પરિપાકથી નીલ પીતાદિ વર્ણોનો ભાસ થાય છે. આલય વિજ્ઞાનને સર્વ વાસનાઓનો આધાર માને છે, અને એ આલયવિજ્ઞાનની વિશુદ્ધિને મોક્ષ કહે છે.

માધ્યમિકો આ સર્વ શુન્ય સ્વપ્ન તુલ્ય માને છે. મુકિતને પણ શુન્ય માનવાથી તે પ્રાપ્ત થાય છે તેઓ પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રમાણો માને છે.

**સાંખ્યદર્શન.**

સાંખ્યો મુખ્ય બે તત્વો માને છે. પુરૂષ અને પ્રકૃતિ પ્રકૃતિમાંથી 'મહાન' ઉત્પન્ન થાય છે. તેમાંથી બુદ્ધિ ઉપજે છે તેમાંથી અહંકાર પ્રકટે છે અને તેમાંથી પાંચ બુદ્ધીંદ્રિય અને પાંચ કર્મેદ્રિયનો આવિર્ભાવ થાય છે. વળી અહંકારથી પાંચ તન્માત્ર ( સ્પર્શ, રસ, રૂપ, ગન્ધ અને શબ્દ ) ઉત્પન્ન થાય છે તેમાંથી પૃથ્વી આદિ પંચભૂત પ્રકટે છે. આ રીતે પ્રકૃતિજન્ય ચોવીશ પ્રકારો અને પુરૂષ ( આત્મા ) નો એક પ્રકાર મળી પચીશ તત્વોને માને છે. તેઓ પ્રત્યક્ષ, અનુમાન, અને આગમ પ્રમાણો માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નૈયાયિક દર્શન.**

નૈયાયિકો સોળ તત્ત્વોને માને છે. પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન એ રીતે છે. તેઓ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ પ્રમાણો માને છે.

**વૈશેષિક દર્શન.**

વૈશેષિકો દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ રૂપ સાત પદાર્થો માને છે. પૃથ્વી, અપ્ તેજસ્, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો માને છે, અને તેના રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરૂત્વ, દ્રવત્વ, સ્નેહ શબ્દ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, અને સંસ્કાર એ ચોવીસ ગુણોની માન્યતા સ્વીકારેલી છે, અને પ્રત્યક્ષ, ઊપમાન, અનુમાન અને શબ્દ એ ચાર પ્રમાણો માને છે.

મીમાંસકોએ નીચે પ્રમાણે સ્વીકારેલું છે.

एक एव हि जूतात्मा सर्व भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव द्रश्यते जल चंद्रवत् ॥

**તદંતર્ગત મીમાંસક દર્શન. (વેદાંત)**

'એકજ આત્મા છે, તે પ્રાણી માત્રમાં વ્યવસ્થિત થયેલો છે. જેમ ચંદ્રમા એક છતાં પણ હજારો ઘડાઓમાં જુદા જુદા હજારો દેખાય છે તેમ આત્મા એક છતાં પણ પ્રત્યેક શરીરે ભિન્ન દેખાય છે. તેઓએ પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ અને અભાવ એ છ પ્રમાણો માનેલા છે. તેઓ વળી આગળ વધીને કહે છે કે ' સર્વજ્ઞાદિ વિશેષણ વાળો કોઈ દેવ નથી કે જેનું વચન પ્રમાણભૂત હોઈ શકે, માટે વેદ વચનો પુરૂષ વગર ઉત્પન્ન થયેલા હોવાથી પ્રમાણભૂત છે તેથી પુરૂષથી ઉત્પન્ન થયેલું અસર્વજ્ઞજ છે. અર્થાત્ સદોષ હોય છે કેમકે સર્વજ્ઞપણું મનુષ્યને હોઇ શકેજ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચાર્વાક દર્શન.** ચાર્વાકો ( નાસ્તિક દર્શનાનુયાયિઓ ) એ પોતાની માન્યતા નીચે પ્રમાણે સ્વીકારેલી છે. 'જીવ નથી, નિવૃત્તિ નથી, ધર્મ નથી, અધર્મ નથી, પુણ્ય પાપનું ફળ નથી, જન્મ અને મૃત્યુ નથી, પંચમહાભૂતથી ઉત્પન્ન થયેલા ચૈતન્યનો ભૂતના નાશની સાથેજ નાશ થાય છે, ઇંદ્રિય ગોચર છે તેટલુંજ જગત્ છે, અને કેફી પદાર્થો વડે મદશકિતની ઉત્પત્તિ થાયછે તેમ દેહમાં ચૈતન્ય ઉપજે છે.

આ પ્રકારે જૈનેતર દર્શનોની માન્યતા ટુંક સ્વરૂપમાં દર્શાવવામાં આવી. હવે તેમાંથી મુખ્ય બાબતોની સરખામણી જૈન દર્શન સાથે કરતાં અન્ય દર્શનોનાં સિદ્ધાંતો કેવી રીતે નિષ્ફળ નિવડે છે તેની પર્યાલોચના કરવી અપ્રસ્તુત નથી.

**સરખામણી.** પ્રથમ બૌદ્ધ દર્શન આત્માને ક્ષણિક માને છે. દૃષ્ટાંત તરીકે, એક આત્માએ પ્રથમ ક્ષણે ઘટ પરત્વે વિચાર કર્યો બીજીજ ક્ષણે પટ પરત્વે વિચાર કર્યો તો બૌદ્ધોએ આ બંને જુદા વિચારકરનાર આત્માઓને જુદાજુદા માનેલાછે એવી રીતે પ્રથમના આત્માનો વિનાશ થઇ દ્વિતીય તૃતીય આત્મા ઉપજે છે અને નષ્ટ પામેછે. જૈનદર્શન આ આત્માને સ્વદ્રવ્યની અપેક્ષાએ નિત્ય માનેછે અને જ્ઞાનના પર્યાયની અપેક્ષાએ અનિત્ય માને છે. તે સાથે એમ પણ કહે છે કે જે આત્મા એક વખત અમુક વિચાર કરતો હતો તે બીજી વખતે જો તેનો વિનાશ થયો હોયતો વિચાર સંકલના અથવા જ્ઞાન પરંપરાની વ્યવસ્થા કેમ સચવાઇ શકે ? એક જ આત્મામાં ભુતકાળનું સ્મરણ પ્રત્યક્ષપણે દેખાય છે તેમજ પ્રથમ ક્રિયાનું ફળ પણ પોતેજ ભોગવે છે તો એકજ પુરૂષોમાં જુદા જુદા આત્મા ( જેમકે ક્રિયાકરનાર જુદો અને ફળ ભોકતા જુદો ) એ વાસ્તવિક સત્ય તરીકે ઘટતું નથી. જે છે તે માત્ર એકજ આત્મામાં જ્ઞાનના પર્યાયોની જુદી જુદી અવસ્થાઓ બદલાયા કરે છે આ પ્રકારે દ્રવ્યત્વે આત્માના ક્ષણસ્થાયિપણાની દલીલ ટકી શકતી નથી. તેથી એમ કહેવામાં જરા પણ અડચણ નથી કે બૌદ્ધ દર્શને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શનનો એક પર્યાયાર્થિકનય ગ્રહણ કરી આત્માની વસ્તુસ્થિતિ (Theory) તદ્દન એકાંતિક અંગીકાર કરેલી છે. કેટલાક બૌદ્ધો તો આત્માને માનતા નથી તેઓનો નાસ્તિકોની કોટીમાં સમાવેશ થાય છે. બૌદ્ધ દર્શનની અપેક્ષાએ તેમને હિંસાનું ફળ પણ હોઇ શકતું નથી કેમકે હિંસા કરનાર પાપનો ભાગી થાય છે અને તે હિંસાકર્તાનો વિનાશ થવાથી અન્ય ફળ ભોકતા થઇ શકતો નથી. આ રીતે માત્ર પર્યાયાર્થિક નય માનવાથી સર્વ શુભ અને અશુભ ક્રિયાના ફળનો ધ્વંસ થવાથી અને ભોકતૃશૂન્ય જગત્ થવાથી વ્યવસ્થિતપણું જળવાઇ રહેતું નથી. એકજ આત્મા ક્રિયાનો કર્તા, હર્તા અને ભોકતા હોય તોજ તે શુભ અથવા અશુભ ફળનો ભોકતા બને છે. કર્મબંધ પાડનાર એકજ હોવાથી ફળ પણ તેને મળે છે. અને મુક્તિ પણ તેજ થઇ શકે છે. આ ઉપરથી પર્યાયાર્થિકનય રૂપ બૌદ્ધ દર્શનમાં—

क्षणिक ज्ञान संतान, रुपेऽप्यात्मन्य संज्ञयम् ।
हिंसादयो न तत्त्वेन, स्वसिद्धांत विरोधतः ॥

'ક્ષણિક જ્ઞાનના સંતાન રૂપ એવા આત્મામાં સંશય રહિત પણે પોતાના જ સિદ્ધાંતના વિરોધથી (બૌદ્ધો પોતે હિંસા અને અહિંસાનું સ્વરૂપ સ્વસમયમાં પ્રતિપાદન કરે છે.) તેથી તત્ત્વતઃ હિંસાદિકો ઘટીશકતાં નથી.

સાંખ્યો પ્રકૃતિ અને પુરૂષ એ બે મુખ્ય તત્ત્વ માને છે. ત્યારે જૈનો જડ અને આત્મા એ બે પદાર્થો મુખ્ય પણે માને છે. સાંખ્યો પ્રકૃતિમાંથી ઇંદ્રિયો વિગેરેની ઉત્પત્તિ માને છે તેમ જૈનો જડ કર્મોથી શરીર, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, અને ક્રોધાદિ કષાયોની ઉત્પત્તિ માને છે. ઘણા ઘણા વિભાગોમાં સાંખ્યો જૈન દર્શનના સંબંધમાં નામાંતર સિવાય એકજ કેંદ્રમાં આવી શકે છે. પરંતુ તેઓ આત્માને સર્વદા નિર્લેપ માને છે. આ હકીકત જૈન દર્શન સ્વસમયના નિશ્ચયનયવડે સત્ય કહે છે, પરંતુ વ્યવહાર નયથી તો આત્મા જડ સાથે ક્ષીરનીર સંબંધથી મિશ્ર થયેલો છે. અને થાય છે. વિવેકરૂપ હંસ ચંચુ સજીવન થાય તો તે સંબંધ દૂર કરી નિર્લેપ થાય છે, પણ જ્યાંસુધી નિર્લેપ થઇ શકતો નથી ત્યાંસુધી તે નિર્લેપ નથી જ, એ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખાય છે. શરીર રૂપ બેડીમાં અવગુંઠિત થયેલો આત્મા આયુષ્યના ક્ષય પછીજ અન્ય શરીર ધારણ કરી શકે. પરંતુ તે સિવાય તે શરીર રહિત અને નિર્લેપ છે તેમ કહી શકાય નહીં. આ પ્રકારે આત્મા નિર્લેપ થઈ શકતો નથી ત્યાં સુધી તે નિર્લેપ નથીજ, એ તો પ્રત્યક્ષ અને કર્મની સ્થિતિ વ્યવહાર નયથી છે. તેથી આત્મા જૈન દર્શન પ્રમાણે જડ કર્મોથી આવૃત્ત છે, દુધ પાણીના સંબંધની પેઠે એકાકાર જેવો છે પરંતુ તે ઉપાયો વડે ભિન્ન પણ થઇ શકે છે. આ ઉપરથી આત્માને સર્વદા નિર્લેપ માનવાથી સાંખ્ય દર્શન જૈનદર્શનના નિશ્ચયનય વડે સત્ય છે અને વ્યવહારનય વડે અસત્ય છે. સાંખ્યો ઇશ્વરવાદી અને નિરીશ્વરવાદી બે પ્રકારના છે.

નૈયાયિક દર્શન સ્વીકારે છે કે સહજ વિચારદ્વારા મનને શાંત કરવાથી આત્મા કલેશ કર્માદિથી છુટો પડે છે. જૈનના વ્યવહાર નયે આ વાત પુષ્ટ થાય છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ પ્રકૃતિ એ જૈનદર્શનાનુસાર પરમાત્મ ભાવ, અંતરાત્મ અને બહિરાત્મત્વ રૂપ આત્માની ત્રણ જુદી જુદી અવસ્થાઓ છે. તેઓ સંશય, તર્ક, નિર્ણયાદિ તત્ત્વો માને છે, તેને જૈનદર્શન મતિજ્ઞાનના ભેદો રૂપે વર્ણવે છે. આ પ્રકારે ઘણા અંશોમાં નૈયાયિક દર્શન (તાત્ત્વિક દૃષ્ટિએ) જૈનને મળતું આવે છે પરંતુ અમુક નય અંગીકાર કરેલો હોવાથી દ્વિવિધનય સંપન્ન થઇ શકતું નથી. જેમકે તેઓ ઇશ્વરને જગત્કર્ત્તા માની જગત્ના પ્રાણિ પદાર્થોમાં વ્યાપક માને છે, જૈન દર્શન આત્મા સર્વગત જ્ઞાન (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય ત્યારે ઇશ્વર માની જ્ઞાનવડે સર્વ પ્રાણી પદાર્થોમાં વ્યાપક માને છે. જૈનો આત્મા રૂપ ઈશ્વરને જ્ઞાનવડે સર્વ વ્યાપક માને છે, ત્યારે નૈયાયિક, વૈશેષિકાદિક અન્ય દર્શનો ખુદ આત્મા રૂપ દ્રવ્યને સર્વ વ્યાપક માને છે આથી આત્મારૂપ દ્રવ્યની સર્વજ્ઞતામાં વ્યભિચાર દોષ ઉત્પન્ન કરી સાંકર્ય[1] ઉદ્ભભાવે છે.

દ્રવ્યાનુ યોગ તર્કણામાં કહેલું છે કે

---

૧ વિજાતીયત્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कारणं घट नाशस्य, मौल्युत्पत्तेर्घटः स्वयम् ।
एकांतवासनां तत्र, दत्ते नैयायिकः कथम् ॥

સુવર્ણ ઘટના નાશમાં અને સુવર્ણ મુકુટની ઉત્પત્તિમાં ઘટ સ્વયમ્ કારણ છે. જ્યારે એમ છે ત્યારે નાશ અને ઉત્પત્તિમાં એકાંત ભેદની વાસના નૈયાયિક કેમ સ્વીકારે છે અર્થાત્ ઉત્પત્તિ અને નાશનો સર્વથા ભેદ કેમ માને છે.

મીમાંસકો નીચે પ્રમાણે ' અદ્વૈતભાવ ' સ્વીકારે છે.

एकः सर्व गतो नित्यः पुनः विगुणोन बाध्यते न मुच्यते.

' આત્મા એક છે; સર્વગત છે, નિત્ય છે, જેને વિગુણ બાધા કરતો નથી અને જે મુકાતો નથી. '

જૈન દર્શનના નિશ્ચયનયવડે આ વાત યથાતથ્ય છે, પરંતુ વ્યવહારનયવડે તો આત્મા અસર્વગત છે. પ્રત્યક્ષપણે જેટલા અવકાશમાં દેખાય છે, તેટલી મર્યાદાવાળો છે, અનિત્ય છે, વિગુણના અનુગ્રહ અને ઉપઘાતથી ઉપયુક્ત છે. આથી તેમણે પણ અમુક નયનો સ્વીકાર અને અમુક નયનો અસીવકાર અર્થાત્ એક નયને ન્યાય અને એક નયને અન્યાય એવી માન્યતા સ્વસમયમાં પ્રમાણભૂત ગણેલી છે.

વૈશેષિકોની માન્યતાવાળા નીચેના સિદ્ધાંતો સાથે તેનાજ પ્રતિપક્ષભૂત જૈનદર્શનના સિધ્ધાંતોની સરખામણી અત્ર અપ્રસ્તુત નથી તેમ ધારી નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

શબ્દ गुणमाकाशं, सुवर्णं तैजसम्, मनः नित्यंच, सर्व व्यवहार हेतुर्ज्ञानं बुद्धिः, इंद्रियार्थ संनिकर्ष जन्यं ज्ञानं प्रत्यक्षम्, यथार्थानुभव श्चतुर्विधः प्रत्यक्षानुमित्यु पमिति शाब्द भेदात्, बुद्धीच्छा प्रयत्ना द्विविधा नित्याऽनित्याश्च नित्या इश्वरस्य अनित्या जीवस्य.

**વૈશેષિકો- નાસિદ્ધાંતો.**

વૈશેષિકો શ્રોત્રેંદ્રિય ગ્રાહ્યગુણ શબ્દને આકાશ રૂપ માનેછે. અર્થાત્ શબ્દ એ શૂન્ય વસ્તુ માને છે ત્યારે જૈન દર્શન शब्दः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पौद्गलिकः અર્થાત્ શબ્દ એ પુદ્ગલ પરમાણુ છે તેમ માને છે. દૃષ્ટાંત તરીકે કોઇ પણ જાતનો સ્વર જે આપણે સાંભળીએ છીએ તે શૂન્યતામય હોય તો તેનું જ્ઞાન આપણને કયાંથી થઈ શકે ? પરંતુ તે પૌદ્ગલિક પરમાણુઓ છે કે જે કર્ણેંદ્રિયમાં પ્રવેશ કર્યા પછી ઇંદ્રિયદ્વારા આત્માને જ્ઞાન થવાના કારણને માટે નિમિત્ત-ભૂત બને છે, એટલુંજ નહિ પરંતુ આ જમાનામાં તો પ્રત્યક્ષ પ્રમાણુ વડે ગ્રામોફોન વિગેરે યંત્રાદિમાં શબ્દ વડે ગાયનો ઉતરી શકે છે અને તે પુદ્ગલ પરમાણુઓના યોગથી એકજ જાતનું ગાયન વારંવાર ગવાઇ શકે છે તેથી વૈશેષિકોનો આ સિદ્ધાંત યુક્તિ યુક્ત નથી.

તેઓ સુવર્ણને તૈજસ માને છે. અને જૈન દર્શન સુવર્ણને પાર્થિવ માને છે. સુવર્ણમાં ભાસ્વર રૂપ હોવાથી તેમજ સુવર્ણના દ્રવત્વનો અગ્નિ સંયોગે વિનાશ નહીં થતો હોવાથી તેઓ તૈજસ્ માને છે. જૈન દર્શન પૃથ્વીકાયના વિકાર રૂપ હોવાથી તેને પાર્થિવ માને છે. જો કે જૈનો સુવર્ણને અગ્નિના સંયોગવાળી અવસ્થામાં તૈજસ માને છે, પણ અગ્નિ સંયોગ શૂન્ય અવસ્થામાં તે પાર્થિવ જ છે તેમ સ્વીકારે છે. વળી એવો કાંઇ સિદ્ધાંત નથી કે પાર્થિવ-વસ્તુનો અગ્નિસંયોગે વિનાશ થાય છે. જેમકે લોહ ધાતુ અગ્નિસં-યોગમાં સુવર્ણની જેમ રસવાળું થાય છતાં લોહ ભાવ ત્યજતું નથી અને અગ્નિ સંયોગ શૂન્ય અવસ્થામાં પાર્થિવ કહેવાય છે તેમ સુવ-ર્ણને તૈજસ માનવું એ યુક્તિપુરઃસર નથી. ઘૃતને પાર્થિવ માની અગ્નિસંયોગે વિનાશીપણું માની પાર્થિવ માત્રનો વિનાશ થાય છે એવી માન્યતા પૂર્વાપર વિરોધ યુક્ત છે, પાર્થિવ પદાર્થો પણ બે પ્રકારના છે. અગ્નિસંયોગ વિનાશી પણ છે અને અગ્નિસંયોગ અવિનાશી પણ છે.

વૈશેષિકો મનને નિત્ય માને છે જ્યારે જૈનદર્શન મનને અનિત્ય માને છે.તેઓએ મનને સુખ દુઃખાદિ ઉપલબ્ધિનું સાધન ઇંદ્રિયરૂપ જ્યારે માનેલું છે ત્યારે જૈન દર્શન તેથી આગળ વધીને કહે છે કે પૌદ્ગ-લિક સુખ અને દુઃખ પામવાથી આત્મા રહિત થાય છે ત્યારે મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જે તેનું સંકલ્પવિકલ્પ યુકત સાધન છે તેની જરૂર રહેતી નથી,અને તેમ થવાથી તેનો લય થાય છે પરંતુ જેઓએ સુખ અને દુઃખ શાશ્વત માનેલા છે. અર્થાત તેથી રહિત થવાનું નથી તેવી માન્યતા જો હોય તો તેમને મનની નિત્ય પણે અસ્તિત્વની જરૂર માનવીજ પડે છે આ કારણથી તેમણે આવી માન્યતા સ્વીકારેલી છે.

તેઓ સર્વ વ્યવહાર હેતુના જ્ઞાનરૂપ 'બુધ્ધિ,કહે છે;જૈનદર્શન કહે- છે કે' **मतिज्ञानं इंद्रियानिंद्रिय निमित्तं,** પાંચ ઇંદ્રિય અને મનથી થતું જ્ઞાન તે મતિજ્ઞાન. આ પ્રસંગે સર્વ વ્યવહારના હેતુ રૂપ જ્ઞાન હોવાને લીધે જોકે ઘણે અંશે આપણી માન્યતા સાથે મળતાપણું છે પરંતુ આ મતિજ્ઞાન થવાને માટે મુખ્ય સાધન ઇંદ્રિય અને મન છે અને તેથી તે બહુ જ નાના વર્તુળ ( circle ) માં છે. કેમકે જૈન દર્શને તેથી આગળ વધીને ( upon the vast circle ) ઇંદ્રિયોની અપેક્ષા વગરનું જ્ઞાન કહેલું છે. તેથી ' સર્વ વ્યવહાર હેતુ' એ શબ્દમાં વ્યભિચાર દોષ આવી શકે છે.

વૈશેષિકો ઇંદ્રિયના વિષયોવડે પ્રત્યક્ષ થતા જ્ઞાનને પ્રત્યક્ષ માને છે. આટલે ટુંકેથીજ તેઓ પતાવે છે, જયારે જૈન દર્શન ઇંદ્રિયોના તથા મનના વિષયવડે થતા જ્ઞાનને તો હજી પરોક્ષ કહે છે ઇંદ્રિય પ્રત્ય ક્ષ પરંતુ આત્મ પરોક્ષ આવી રીતે માને છે. ઇંદ્રિયો વડે થતું જ્ઞાન તદ્દન નિર્મળ અને વિશુદ્ધ નથી હોતું કેમકે આત્મપ્રત્યક્ષ થતું જ્ઞાન નિષ્કલંક હોય છે અને તેજ વાસ્તવીક રીતે પ્રત્યક્ષ છે. આ રીતે ઇંદ્રિ- યગોચર જ્ઞાનને જૈનોએ સાંવ્યાવહારિક પ્રત્યક્ષ ( વાસ્તવિક પરોક્ષ ) માનેલું છે અને આત્માનુભવ વાળા જ્ઞાનને પારમાર્થિક પ્રત્યક્ષ ( વાસ્તવિક પ્રત્યક્ષ ) તરીકે સ્વીકારેલું છે. વૈશેષિકોની દષ્ટિ મર્યાદા આગળ વધારે જોઇ શકી નથી એ આ ઊપરથી સિદ્ધ થાય છે,તેવીજ રીતે તેઓએ અનુમાન વડે અને શબ્દાદિ સાંભળવા વડે થતા જ્ઞાનને યથાર્થાનુભવ ગણેલો છે,પરંતુ હજીતો જૈનોએ તે સ્થિતિને માત્ર નિમ્ન ભૂમિકાવર્તી મતિ અજ્ઞાન જ્ઞાન માનેલું છે, પરંતુ યથાર્થાનુભવ તો ત્યારેજ સ્વીકારેલો છે કે આત્મા જયારે આત્મવીર્યનું પરિપાકપણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામી તત્ત્વોના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને દેહ અને આત્માનો વિવેક કરતાં પૌદગલિક પદાર્થોનો સાક્ષીભૂત પણે ભોગ વટો કરી અંતરાત્મપણું પ્રાપ્ત કરે ત્યારે યથાર્થાનુભવની શરૂઆત થઇ કહેવાય છે.

વળી તેઓએ સ્વીકારેલું છે. બુદ્ધિ, ઇચ્છા અને પ્રયત્નો નિત્ય અને અનિત્ય એ પ્રકારે હોઈ નિત્ય ઇશ્વરમાં રહેલા છે અને અનિત્ય જીવોમાં રહેલા છે, જૈન દર્શન દરેક આત્માને જ્યારે તે કર્મ રહિત થાય છે ત્યારે ઈશ્વર માને છે ઇશ્વર એવી જુદી વ્યકિત કોઈ વિદ્યમાન નથી એમ માને છે.આમ હોવાથી ઇચ્છા અને પ્રયત્ન એ શરીરધારી આત્માના મનદ્વારા થયેલા પરિણામો છે. તે કર્મ સહિત આત્મામાં વિદ્યમાન હોય છે.કર્મ રહિત આત્માને કોઇ પણ જાતનું સાધ્ય સિદ્ધ કરવાનું નહિ હોવાથી તેઓ ઇચ્છાદિથી રહિત હોય છે. માટે તેમણે જે જીવોમાં અનિત્ય માનેલા છે અને ઇશ્વરમાં નિત્ય માનેલા છે તે વાસ્તવીક રીતે ઘટી શકતું નથી.

નૈયાયિકો અને વૈશેષિકોના સિદ્ધાંતોમાં એક તફાવત એ પણ છે કે વૈશેષિકો અભાવ પદાર્થ માને છે નૈયાયિકો તે માનતા નથી.અન્ય દર્શનોએ જે પ્રત્યક્ષ પ્રમાણુ માનેલું છે તે જૈનદૃષ્ટિ અનુસાર પરોક્ષ છે.આમ હોવાથી વધારે પ્રમાણો નહીં સ્વીકારતાં જૈને તત્પ્રમાણે સૂત્રથી પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણુ અંગીકાર કરેલા છે આ બંને પ્રમાણોમાં અનુમાન શબ્દાદિ સર્વ અન્ય પ્રમાણોનો સમાવેશ થઈ જાય છે.

ચાર્વાક દર્શન માત્ર પ્રત્યક્ષ પ્રમાણુ માને છે. પરોક્ષ એવા જીવ, પુણ્ય,પાપ, સ્વર્ગ, નર્ક આદિ વસ્તુઓ માનતા નથી તેમજ મદ્યાંગથી ઉત્પન્ન થયેલી મદશકિતની પેઠે ચૈતન્યનો આવિર્ભાવ માને છે. જૈન દર્શનમાં જગત્કર્તા માનેલો નથી તેમજ ઉત્પત્તિ સ્થિતિ અને લય રૂપ જગતનો વ્યવહાર સ્વયમેવ થયાંજ કરે છે એવી જૈન માનીનતા અમુક અપેક્ષાએ નાસ્તિકને મળતી આવે છે, પરંતુ બીજી સર્વ હકીકતોમાં ચાર્વાકો સત્યથી વેગળા છે.એક માણુસે મદ્ય પીધા પછી તેની શકિતથી ઉત્પન્ન થયેલું તેનામાં અવ્યવસ્થિતપણું પ્રકટી નીકળે છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નજરે જોઇએ છીએ તેથી ઉલટું આત્મમાં જ્ઞાન પ્રકટે છે ત્યારે અવ્યવસ્થિતપણું દૂર થઇ વ્યવસ્થિતપણું અને નિયમિતપણું ઉત્પન્ન થાય છે તો આત્મામાં ઉત્પન્ન થયેલું સર્વ સંજોગોને મર્યાદામાં લાવનાર જ્ઞાન કયાં ! અને **આત્માને અવ્યવસ્થિત સંજોગોમાં મુકનાર મદાંગથી ઉત્પન્ન થયેલી મદશકિત કયાં. ?**

વ્યાસકૃત ઉત્તર મિમાંસા (વેદાંતદર્શન) અનુસાર વેદના વચનો અપૈરૂષેય કહેલા છે તે જેમ એક અંશે ન્યાય અને યુકિતયુકત હોતા નથી કેમકે પુરૂષ પ્રધાનતાથી રહિત છે તેવીજ રીતે અન્યઅંશોમાં નાસ્તિકો વડે મનાયલી મદ્યાંગથી ઉત્પન્ન થયેલી મદિરાકિતનું દૃષ્ટાંત છે. બંન્નેમાં અવ્યવસ્થિતપણું હોવાનો સંભવ રહેલો છે. કેમકે ઉત્તમનિયંતા વગર ઉત્તમ કાર્ય હોઈ શકતું નથી. વળી જન્મની સાથે કેટલાક પ્રાણીઓની કુરૂપવાન્ સુરૂપવાન્ વ્યાધિ યુકત અને વ્યાધિ રહિત વિગેરે ભિન્ન ભિન્ન પ્રકારની અવસ્થાઓ તપાસતાં એક સામાન્ય બુધ્ધિમાન્ પ્રાણીને માલૂમ પડયા વિના રહેતું નથી કે તે અવસ્થાઓનું કાંઈપણ અવ્યકત કારણ રહેલું છે અને તે અવ્યકત કારણોએ જુદા જુદા પ્રકારો ઉત્પન્ન કરેલા છે.

**જૈનેતર દર્શનોમાં એક ગંભીરભૂલ.**

જૈનેતર દર્શનો પૃથ્વીકાય, અપકાય વિગેરેને પંચમહાભૂતો તરીકે સ્વીકારી રહેલા છે. અને જડપણું સ્થાપન કરેલું છે.જૈનદર્શન તેને સજીવ કહે છે.સાથે આકાશને અજીવ કહે છે. વનસ્પતિકાયના કેટલાક પ્રત્યક્ષ પ્રકારોને તો અન્ય દર્શનો પણ જો કે સજીવ કહે છે, પરંતુ પૃથ્વીકાય, અપ્કાય,તેજસ્કાય,વાયુકાયમાં અને વનસ્પતિકાયના અગણિત સૂક્ષ્મ પ્રકારોમાં જીવપણું તેઓ જોઈ શકયા નથી. સજીવ અને નિર્જીવ પદાર્થોના ભેદોની જયાં માહીતી હોતી નથી ત્યાં જીવોનું રક્ષણ પૂર્ણ પ્રકારે કયાંથી હોઇ શકે ! જૈનેતર દર્શનવાળો એક તાપસ કે જેણે સંસારના સમારંભોને તજી દીધેલા હોય છે એવી માન્યતાવાળો હોય છે તે વગર સંસ્કારવાળી માટીને તથા અણુગળ અથવા ગળેલા જળને પોતાના ઉપયોગમાં વારંવાર લીએ છે કેમકે તેણે તેને નિર્જીવ ભૂત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીકે માનેલા છે. જૈન સાધુઓ તે પૃથ્વીકાય, અપ્કાયાદિ સજીવ પદાર્થોને અડકતાં પણ હૃદયમાં કંપે છે. સાર્વજ્ઞી વાચાની અનેક પ્રકારોમાં વિસ્તારવાળી સ્વરૂપ મર્યાદા આ રીતે હોઇને अहिंसा परमो धर्म નું વાસ્તવિક સ્વરૂપ દુનિયાને કોઇએ દીર્ઘ પરિસ્થિતિમાં બતાવેલું હોય તો તેનું મુખ્ય માન જૈન દર્શનને ઘટે છે.

લોકમાન્ય પંડિત બાલગંગાધર તિલક નીચેના શબ્દોમાં જૈનગત અહિંસાનું બાહ્ય સ્વરૂપ દર્શાવતાં કહે છે.

' जैन और वैदिक ये दोनोंही धर्म यद्यपि विशेष प्राचीन हैं परंतु अहिंसा धर्मका मुख्य प्रणेता जैनधर्मही है. जैनधर्मने अपने प्राबल्यसे वैदिक धर्मपर अहिंसा धर्मकी एक अक्षुण्ण मुद्रा ( मुहर ) अंकित कीहै. ढाइ हजार वर्ष पहिले वेद विधायक यज्ञोंमें हजारो पशुओका वध होताथा परंतु २५०० वर्ष पहिलें जैनियोंके अंतिम तीर्थंकर श्री महावीर स्वामीने जब जैनधर्मका पुनरुद्धार किया तब उनके उपदेशमें लोगोंका चित्त इस घोर निर्दय कर्मसें विरुक्त होने लगा और सनैः २ लोगोंकें चित्तपर अहिंसाने अपना अधिकार जमा लिआ. '

પાંચ દર્શનોના બાહ્ય સ્વરૂપ લિંગ વેષ વિગેરે જુદા જુદા છે.

**બાહ્ય લિંગ વેષાદિની ઝાંખી.**

કેટલાક વ્યાઘ્રચર્મ અને કૌપીન રાખે છે, કેટલાક કમંડલુ રાખે છે. વિગેરે પોતપોતાની કલ્પના અનુસાર જુદા જુદા વેષો અંગીકૃત થયેલા છે, જૈન દર્શનના સાધુઓ મુખવસ્ત્રિકા, રજોહરણ, ચોલપટો વિગેરે રાખે છે. વેષ એ એક મર્યાદા છે. બાહ્ય લિંગ અને આચારને અવગણના કરનાર પ્રાણીઓ મર્યાદા રૂપ પુલને તોડવાને ઉદ્યમવંત થયેલા છે. વેષ એ સાધન અને તત્ત્વ પ્રાપ્તિ એ સાધ્ય છે. સાધનને સાધ્ય માનવાની ભૂલ એ તો ગંભીર ભૂલ છે. પરંતુ તે સાથે સાધનથી સાધ્યની ઉત્પત્તિ છે એ વાત બીલકુલ ભૂલવા જેવી નથી. આ જમાના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના વક્ર અને જડ પ્રાણીઓને વેષ રૂપ મર્યાદા સંપૂર્ણ રીતે આવશ્યક છે. જ્યારે પ્રથમના દૃઢ મનોબળવાળા જમાનામાં પણ તે આવશ્યકજ હતું તો આ ડગમગતા અને તુલાની જેમ ક્ષણમાં નીચે નમી જતા જમાનામાં કેમ તેની આવશ્યકતા દૃઢપણે ન સ્વીકારાય! જૈન દર્શનનો બાહ્ય વેષ એ એવું સાધન છે કે તત્રસ્થિત પ્રાણીઓને સર્વદા ચરણ કરણાનુયોગમાં તલ્લીન રાખે અને તત્વની ગવેષણા નિરંતરપણે સ્મરણ ગોચર રખાવી શકે. સંસારી સંબંધવાળા વેષને તજી વૈરાગ્ય વાસનાવાળા વેષનું અંગીકાર કરવું, એ સદાચરણની મજબૂત વાડ છે, એમ એક વિદ્વાને કહેલું છે.

કેટલાક પ્રાણીઓ સર્વ દર્શનોને તુલ્ય માને છે તેઓ આક, નિંબ, પીંપલ, આંબા વિગેરે વૃક્ષોને તુલ્ય માનવા જેવી મોટી ભૂલ કરે છે. કોઇ પણ દર્શનની નિંદા કરવાનું પ્રયોજન તો હૃદયમાં કદાપિ આરૂઢ થવું ન જોઇએ પરંતુ મધ્યસ્થ દૃષ્ટિએ વિચારવું જોઈએ કે તેઓ શુદ્ધ તત્ત્વોની ખોળમાં પણ વાસ્તવિક રીતે શુદ્ધ તત્ત્વોની પ્રાપ્તિથી દૂર રહેલ છે. જૈનેતર દર્શનો જૈન દર્શનની રમ્ય વાટિકાની લહેરોથી શૂન્ય છે. એમ કહેવું અવાસ્તવિક નથી. જો કે જૈન દર્શન વાટિકાની આનંદદાયક લીલોતરી તેમાં ઉગેલી છે પરંતુ બીજી પ્રતિઘાતક વિષમય લીલોતરી પાસેજ હોવાથી સર્વાંગ વિષમય કરી દીધેલું છે, તે સ્થિતિ જ્યારે જીવાજીવની કોટિની સરખામણી કરીએ છીએ ત્યારે સ્પષ્ટ છે તેમ જણાય છે. એકજ નયને ગ્રહણ કરી અન્ય નયોને અન્યાય આપવાથી આ સ્થિતિ બનેલી છે.

**શ્રીમદ્ આનંદઘન-જીના વિચારો.**

પૂર્વોક્ત પ્રકારે જિનેશ્વર પ્રભુના અંગોપાંગ તરીકે ષડ્દર્શનો કેવી રીતે છે તે શ્રીમદ્ આનંદઘનજીના વચનોમાં નીચે પ્રમાણે દર્શાવી ષડ્દર્શનની સંક્ષિપ્ત પર્યાલોચના સમાપ્ત કરીશું.

જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય યોગ દોય ભેદેરે,
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદેરે. (૧)
ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારીરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકાલોક અવલંબન ભજીએ, ગુરૂગમથી અવધારીરે. (૨)
લોકાયતિક કુખ જીનવરની, અંશ વિચારીજો કીજેરે;
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણુ કેમ પીજેરે. (૩)
જિનવરમાં સઘળા દર્શન છે, દર્શન જીનવર ભજનારે,
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજનારે (૪)

છ દર્શનો જિનેશ્વર પ્રભુરૂપ પુરૂષના અંગોપાંગ છે તેમાં મસ્તકને સ્થાને જિન દર્શન છે. સાંખ્ય અને યોગ એ બે પગ છે, બોદ્ધ અને મીમાંસક (વેદાંત) એ બે હાથ છે. અને લોકાયતિક એ પેટ છે શરીરનો અન્ય અવયવ એક ઓછો હોય તો ચાલી શકે, પણ મસ્તક છે તે આખા શરીરનો આધાર છે. વિચાર શકિત મસ્તકમાં રહેલી છે. મસ્તકથી ઉત્પન્ન થયેલા વિચારો શરીરના અન્ય અંગોના નિયામક છે. મસ્તકથી શુભ વિચારદ્વારા મુકતપણું પમાય છે, અન્ય દર્શનો જેઓ હાથ પગ વિગેરે છે તે અમુક અંશને ગ્રહણ કરવાથી અમુક અંશે જિનેશ્વરનું એક અંગ છે. અર્થાત્ એક અંગપણું હોવાથી પૂર્ણ શકિતની ખામીવાળું છે. જિનેશ્વર રૂપ સમુદ્રમાં સર્વ દર્શનો રૂપ નદીઓ સમાય છે અને અમુક અમુક દર્શનોમાં જિનેશ્વરની શૈલી કોઇ કોઇ બાબતમાં સચવાય છે ને કોઇ કોઇમાં સચવાતી નથી માટે જેમ નદી સમુદ્રની અંશ માત્ર છે તેમ સઘળા દર્શનો જૈનદર્શન ઉત્પાદક જિનેશ્વરના અંશ માત્ર છે. પાંચ દર્શનોના ભિન્ન ભિન્ન નયોનો એકજ કેંદ્રમાં સમાવેશ કરનાર જૈનદર્શન છે. જૈનેતર પાંચ દર્શનોના અનેકશઃ વિભાગો થયેલા છે અને જુદા જુદા એકાંત નય માનવાથી સર્વદર્શી થઇ શકયા નથી. જૈન સિદ્ધાંતથી જેટલે જેટલે અંશે વિરૂદ્ધતાની કોટિ અંગીકાર થયેલી છે તેટલે તેટલે અંશે નયાભાસપણું છે અને જેટલા અંશમાં અવિરૂદ્ધતાની કોટિ છે તેટલા અંશમાં નયમાર્ગ ખુલ્લો છે. સર્વાંશે જૈન સિદ્ધાંતો સર્વનયોને સંગ્રહે છે. આને માટે પૂર્વોકત મહાત્માના વચનો ટાંકી આ અવતરણનો ઉપસંહાર કરવામાં આવે છે.

सर्वंगी सब नय धनारे, माने सबपरमान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नयवादी पक्षोग्रही प्यारे करेसराइ ठान.
निसानी कहावतातुंरे, तेरो अगम अगोचर रूप.

(અપૂર્ણ.)

# જૈનશાસન અને તેના ભાવનગરના ખબર-પત્રીની ભ્રમણાનો ખુલાસો.

જૈન શાસનના છેલ્લા (સાતમા) અંકના ચોથા પાના (અ) ના વધારામાં તે પત્રે શ્રી આત્માનંદ પ્રકાશના અશાડ માસના અંકમાં "ભાવનગરના સંઘે ભરેલું ઉત્તમ પગલું" એ મથાળાના આવેલા વર્તમાન સમાચારની બાબતમાં જૈન શાસનના ભાવનગરના એક ખબરપત્રીએ અસત્ય હકીકત જણાવી, જે ઉપરથી જૈનશાસને જે હકીકત લખી છે તે તદ્દન ગલત ગેરવ્યાજબી હોઇને ખરી હકીકત શું છે તે જણાવવું યોગ્ય ધારી નીચે મુજબ જણાવવા રજા લઇએ છીયે.

પ્રિય વાચક ગણુ ! ભાવનગરના એક ખબરપત્રીના આધારે જૈનશાસન લખે છે કે આત્માનંદપ્રકાશના અશાડ માસના અંકમાં "ભાવનગરના સંઘે ભરેલું ઉત્તમ પગલું એ હેડીંગથી જે સમાચાર પ્રગટ કરવામાં આવ્યા છે તે તદ્દન ખોટા છે, આ પગલું તો કેવળ આત્માનંદ સભાવાળાઓનું જ છે, બીજા કોઇ એ આ કાર્યમાં ભાગ લીધો નથી. જ્યારે અમદાવાદના નગરશેઠનો જવાબ સંઘ ઉપર આવ્યો ત્યારેજ સંઘને આ વાતની ખબર પડી છે. આ સમાચાર મળતાની સાથે સંઘ તરફથી અમદાવાદના નગરશેઠને લખવામાં આવ્યું કે કાગળ તથા તાર પહોંચ્યાનું જે આપ લખો છો તે અમારા લખ્યા લખાવેલા નથી માત્ર એક તરફીજ આ કામ થએલું છે." આના જવાબમાં જણાવવાનું કે તે ખબરપત્રી આવી અસત્ય હકીકત લખી ખરી હકીકત ને ઉડાવી દેવા માગે છે. પ્રથમ તો અમે એમ પુછવા માગીએ છીએ કે જ્યારે મોહન લલ્લુની સહીનું ત્રીજું હેન્ડબીલ અત્રે આવ્યું અને ગામમાં કોલાહલ થતાં અમદાવાદના નગરશેઠ ઉપર તે હેન્ડબીલની બાબતમાં દીલગીરી દર્શાવવા, તેમજ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉકત હેન્ડબીલ લખનાર વગેરેની બાબતમાં યોગ્ય કરવા માટે સહીઓ લઈ એક પત્ર મોકલવાની બાબતમાં, ઉકત પત્રમાં જાહેર રીતે જ્યારે આ શહેરમાં સહીઓ લેવાતી હતી ત્યારે જૈન શાસનને ખોટી હકીકત જણાવનાર ખબરપત્રી શું નહોતો જાણતો કે આ ખુલ્લી રીતે સહીઓ લેવાય છે ? અને તે સહીઓ લેતાં કોઇ તરફથી શું અટકાયત થઈ હતી ? અને તેમ નથી થયું તો ભાવનગરનો સંઘ નહોતો જાણતો એમ તે ખબર પત્રી કહેવા માગતો હોય તો તે પત્ર નીચે ભાવનગરના આગેવાન વીગેરેએ તે પત્રમાં શા માટે સહી કરી હશે ? તે ખબરપત્રી ઉપર બનેલી હકીકત જાણવા છતાં તેને છુપાવવા માટે કે પોતાની કોઇ નેમ સાધવા માટે, જૈન શાસનને ઉંધા પાટા બંધાવ્યા છે, પરંતુ જૈનશાસનના અધિપતિએ તે ખબરપત્રી ઉપર વિશ્વાસ રાખ્યા અગાઉ અમદાવાદના શ્રીમાન નગરશેઠ ઉપર ગએલ તે સુમારે ત્રણસે સહીવાળો ભાવનગરના સંઘના પત્રની ત્યાંથી નકલ મંગાવી હોત, અથવા અમદાવાદના નગરશેઠને પુછાવી ખાત્રી કરી હોત કે તે પત્રમાં કયા કયા આગેવાનો, કયા જૈન ગૃહસ્થો વિગેરેની સહી છે? તેવી સંપૂર્ણ ખાત્રી કરી હોત તો તેમને સકલ જૈન સમાજને આડે રસ્તે દોરવવાનું આવું લખવાનું કારણ મળત નહી.

અમુક વ્યકિત કે કદાચ આ ખબરપત્રી ગમે તેવા શરમના કે દબાણના કારણથી દૂર રહેલ હોય, કે મુનિ નિંદા માટે નીકળેલ આંગલીચ હેન્ડબીલની બાબતમાં સ્થળે સ્થળે દર્શાવવામાં આવતો ખેદ દીલગીરી (આવું કાર્ય) તેને ગમે તે કારણથી ન ગમતું હોય, કે ઉકત પત્રમાં તેની પોતાની સહી ન હોય તેવા ગમે તે કારણથી દૂર રહેતો હોય તો, તેવી વ્યકિતનાએક ખબરપત્રી કે તેના ઉપરથી જૈનશાસનના અધિપતિ એમ કહેવા માગતા હોય કે ઉક્તપત્ર સમુદાય તરફથી નથી લખાયો અને સહીઓ થયાં છતાં તેને સંઘ ન કહેવો, અને ઉપરની વ્યકિતના કરેલાને સંઘથી કરેલું કહેવું; તેમજ વળી તેવી રીતે સમુદાયનો મોટો ભાગ જે કાર્ય કરે, જે માને તેને સંઘ કે સંઘે કરેલું કાર્ય ન કહેવું; એ વાત જૈનશાસનને ખબર આપનાર તે ઇર્ષાળુ ખબર પત્રી શિવાય કોઈપણ સામાન્ય મનુષ્ય કબુલ કરે તેમ હોયજ નહીં. હજી અમો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ ભાર દઇને કહેવા માગીએ છીયે કે નગરશેઠ ઉપર ગયેલો તે સુમારે ત્રણસે સહીવાળા પત્રની તેઓ ખાસ તપાસ કરે તો તેમાં આગેવાન વિગેરે શ્રી સંઘના સમુદાયની સહી છે કે નહીં? અને છે તો તે થએલું કાર્ય સંઘે કરેલુંજ ગણાય, એમ તેની ખાત્રી થયા સિવાય રહે નહીં. માત્ર તે ખબરપત્રીની લાંબા વખતની ઈર્ષ્યાગ્નિની જાણે જવાળા હોય અને તે જો આવી અસત્ય હકીકતો પુરી પાડી શાંત થતી હોય તો તે ખબરપત્રીને ધર્મ વૃત્તિવાળો કહેવો કે કેમ? તે જૈન સમાજે વિચારવાનું છે.

જૈનશાસનનો ખબરપત્રી એમ કહેવા માંગે છે કે ઉકતપત્રમાં જૈન ધર્મ પ્રસારક સભા તથા જૈન એશોસિએશનના સભાસદોએ કેમ ભાગ નહીં લીધો હોય? આ લખાણ પણ તેમનું ભ્રાંતિવાળું, આડે રસ્તે દોરવનારૂં, બીનપાયાદાર અને ગેરસમજ કરાવવાવાળું છે. સુમારે ત્રણસેં સહીવાળો ઉકતપત્ર જે કે એમદાવાદના નગરશેઠ શ્રીને મોકલવામાં આવ્યો છે, તેમાં જૈનધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી જૈન એશોસિએશન સભા અને શ્રી જૈન ધર્મ પ્રબોધક સભાના સભાસદોની, તેમજ સંઘના અન્ય ગૃહસ્થો અને અત્રેના શ્રી સંઘમાં જે જે જ્ઞાતિઓના કત્તા છે, જેવા કે વિશા-શ્રીમાળી, વિશા પોરવાળ, ઓસવાળ, દશાશ્રીમાળી, સુખડીઆ, ભાવસાર વિગેરે તમામ જ્ઞાતીના (આગેવાન અને સાધારણ) ગૃહસ્થોએ પણ પોતાની લાગણી દુખાએલ હોવાથી ઉકતપત્રમાં સહીઓ કરેલ હોઇને તેને સંઘે કરેલું નહીં, પરંતુ આત્માનંદ સભાવાળાએ કરેલું છે એમ જે ખબરપત્રીનું કહેવું છે તે કેટલું અચુકત બીન પાયાદાર અને અસત્યતાથી ભરપુર છે તે વાચકોએ વિચારવાનું છે.

ઉકત ગલીચ હેન્ડબીલથી જેમ અત્રેના શ્રી સંઘની લાગણી દુખાણી હતી, તેમની જેમ આત્માનંદ સભાની લાગણી દુખાવાથી પોતાની ફરજ તરીકે સભાસદોથી ઠરાવ કરેલો હતો, અને તે ઠરાવ પોતાની રીપોર્ટ બુકમાં દાખલ કરી પોતાના માસીકમાં જુદો છપાવેલ છે, અને પોતે કરેલ ઠરાવની નકલ અત્રેના શ્રીસંઘની જે લાગણી દુખાણી તેને માટે તેમણે મોટી સંખ્યામાં સહીઓ લઈ તે પત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ અમદાવાદના નગરશેઠ ઉપર સંઘથી મોકલવામાં આવ્યો છે, તેવીજ રીતે આત્માનંદ સભાએ ઉપર મુજબ પોતા માટે પોતાથી ખાસ જુદો ઠરાવ કરી અમદાવાદના નગરશેઠ ઉપર જુદો પત્ર મોકલેલ છે. આવી હકીકત છતાં તે ખબરપત્રી તેને અસત્ય ઠરાવી તે બન્નેને ભેળશેળ કરી ખરી વાત છુપાવા માંગે છે જેથી તે ખબરપત્રી પોતાની બુદ્ધિનો કેટલો દુરૂપયોગ કરે છે તે સર્વ વાચકગણ સમજી શકે તેવું છે.

ઉક્ત ગલીચ હેન્ડબીલ આ શહેરમાં આવતાં સર્વ કોઇ ઉશ્કેરાઈ ગયું અને પરિણામ શું આવશે તેની સમુદાયને ચિંતા થતી હતી, જેથી આ અપકૃત્ય કરનાર મોહન લલ્લુ અને તેના સહાયકો અમદાવાદના વતની હોવાથી અત્રેના શ્રીસંઘે અમદાવાદના નગરશેઠ ઉપર ઉક્ત પત્રમાં સહીઓ લઈ મોકલવાનો આ શાંતિનો માર્ગ લીધો હતો, છતાં જૈનશાસનનો તે ખબરપત્રિ તે કાર્ય આત્માનંદ સભાએ જ કર્યું છે એમ લખી ભાવનગરના શ્રી સંઘના કાર્યને ખોટું ઠરાવે છે એટલુંજ નહીં; પરંતુ જૈન સમાજને ખોટે રસ્તે દોરી પોતાની દુષ્ટ બુદ્ધિ પ્રસિદ્ધ કરે છે.

તે ખબરપત્રીના જણાવ્યા મુજબ મોહન લલ્લુને લખાવનાર તરીકે બે મુનિ વ્યક્તિને ગણવામાં આવે છે, આવું ખબરપત્રીનું કહેવું કે લખવું તદ્દન અસત્ય છે. કારણ કે મોહન લલ્લુને લખાવનાર તરીકે બે મુનિ વ્યક્તિઓને ગણવામાં કે લખવામાં આવેલ નથી; પરંતુ નમ્રતાથી જણાવવામાં આવ્યું છે કે ન્યુસપેપર, પરચુરણ નીકળતાં હેન્ડબીલો અને લોકોના નીકળતા ઉદ્ગારોથી જ્યારે તે મુનિ મહારાજોનાં નામ લેવાય છે તો શામાટે તેઓશ્રી તેમાં નથી અથવા આવાં કાર્યથી દીલગીર છે અને આ કાર્ય અધમ છે એમ નથી જણાવતા ? માત્ર આટલું વિનંતિરૂપે લખ્યાં છતાં જૈનશાસનનો તે ખબરપત્રી પુરૂં વાંચ્યા વિના ગમે તે જાતના દ્વેષથી જેનું અંતઃકરણ કાંઈક વિચિત્ર થયુંછે એવા તે ખબરપત્રીએ અસત્ય હકીકત લખી લખાવી, ખોટો અર્થ કરાવવા મરજી મુજબ લખે લખાવે અને તેના ઉપર પુરતી ખાત્રી કર્યા શિવાય જૈનશાસનપત્રના અધિપતિ ગમે તેવું લખે તેને માટે અમે દીલગીર છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનશાસનના તે ખબરપત્રીના જણાવ્યા મુજબ " જૈનશાસન લખે છે કે બે મુનિ મહારાજાઓનું ચરિત્ર લખનાર વ્યાપક બ્રહ્મનાદ, સુશીલ, વિગેરેને લખાવનાર સામી પક્ષના સાધુ ખરા કે ?" આના જવાબમાં જણાવવાનું એટલુંજ છે કે ઉપરના ભ્રમનેજ લીધે મોહન લલુને હથીઆર બનાવી તેના સહાયકોએ મુનિ નિંદાના ઉક્ત ગલીચ હેન્ડબીલો કાઢી ભયંકર ભુલ કરી છે એટલુંજ નહીં પરંતુ જગબત્રીશીએ ચડ્યા છે. સામી બાજુઓના સાધુઓમાં બીજાઓ સાથે કદાચ સ્વર્ગવાસી આચાર્ય મહારાજ શ્રી આત્મારામજીના પરિવાર મંડળમાંથી અમુક મુનિઓનું ઉપરના ભ્રમને લઇને કદાચ નામ લેવા માંગતા હશે,કે શંકા રાખતા હશે કે અનુમાન કરતા હશે પરંતુ તે પવિત્ર મુનિઓ તદ્દન અલગ રહી પોતાના ઉપર આટલા આટલા વાક્પ્રહાર–લખાણ પ્રહાર થયાં છતાં તેઓની કેટલી શમતા, મુનિ ધર્મની અમૂલ્ય કીંમત અને સહનશીલતા રાખી શાંત બેઠા છે અને તેવીજ રીતે તે ઉક્ત હેન્ડબીલમાં સંડોવેલા બીજા મુનિઓ પણ શાંત બેઠા છે તે અત્યારે સકળ જૈન સમાજ સારી રીતે જાણી શકે છે.

લાલન શિવજી નિર્દોષ છે કે સદોષ છે,તેનાં સદોષ નિર્દોષપણા માટે કે તે બાબતના મતભેદપણાના માટે શાસ્ત્રાધારે દાખલા દલીલ વીગેરેથી તમામ હકીકત જણાવવાને બદલે આવા મુનિ નિંદાના અધમ લખાણવાળાં હેન્ડબીલોને જૈનશાસન કે તેનો ખબરપત્રી કે કોઇ પણ જૈન ટેકો આપતો હોય, કે વ્યાજબી ગણતો હોય તો તે તેઓના અધર્મીપણા શિવાય બીજું શું હોઇ શકે તે સકળ જૈન-સમાજે વિચારવાનું છે.

મુનિ નિંદાના લખાણવાળા ઉક્ત હેન્ડબીલ બહાર પડ્યા પછી આત્માનંદ સભાએ માત્ર પોતાની ફરજ તરીકે સભાથી ઠરાવ કરી શાંતપણે બેસેલ છે. અને તેવીજ રીતે અત્રેના સંઘે કરેલું છે, છતાં તે મોહન લલ્લુ અને તેના સહાયકોના લાગતા વળગતા અત્રેના ખબરપત્રીને મુનિ નીંદા માટે આટલું થતું યોગ્ય કૃત્ય પોતાની ગમે તે જાતની ઈર્ષા અગ્નિથી કદાચ ગમ્યું નહિ હોય જેથી,તેમજ જૈનશાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નના અધિપતિની તો ઉક્ત ગલીચ હેન્ડબીલથી જે લાગણી દુઃખાવી જોઈએ તે તો દૂર રહી પરંતુ પોતાને ગમતું આવું ઉક્ત ખબરપત્રીનું અસત્ય લખાણવાળું સાધન મળ્યું, જેથી વગર ખાત્રીએ જૈન સમાજને અવળે રસ્તે દોરવવા ગમે તેમ લખી વાળ્યું છે પરંતુ જો લગભગ ત્રણસો સહીઓવાળા, ઉક્ત પત્રમાં કોની કોની સહીઓ છે, તેની ખાત્રી કરી હોત તો આવું લખવાનો તેને વખત ન આવત. પરંતુ જો આવા મુનિ નિંદાના હેન્ડબીલથી સર્વની લાગણી દુઃખાણી તે વ્યાજબી નથી એવી એક પક્ષની માન્યતાને લઈને ગમે તેવા આક્ષેપો ગમે તેને લખવા જૈન શાસનનો અધિપતિ ઈચ્છતો હોય તો પોતે પોતાની મરજી મુજબ પોતાને શોભતું ગમે તેવું લખે તેને કોઈ રોકનાર નથી પરંતુ તેની હકીકત કેટલી સાચી છે તે જૈન સમાજ સહેજે સમજી શકાશે.

મોહન લલ્લુના શબ્દો ઉપર કે એવી મુનિ નીંદા કરનાર ઉપર ધર્મનોરાગી પુરૂષ દોડા દોડ કરે કે તેને માટે ખેદ પ્રદર્શિત કરે તેમાં નવાઈ નથી, અને એવા હલકા કાર્ય કરનાઓથી જૈન કોમમાં ખળભળાટ થાય તે ખરેખરૂં છે, છતાં દિલગીરી તો એટલી છે કે જૈન શાસનપત્રનો અધિપતિ તે પત્રને ધર્મનું પત્ર કહેરાવ્યા છતાં તેના અધિપતિએ પોતાના પત્રમાં લાલન શિવજીના કાર્ય માટે અને મુનિ મહારાજશ્રી નેમવિજયજી તથા આણંદસાગજી મહારાજના ચરિત્રો કે લેખો લખનાર વ્યાપક,સુશિલ, બ્રહ્મનાદ વિગેરેને માટે જ્યારે ટીકા કરવાનું હાથમાં અને તેને માટે લેખ લખવાનું કાર્ય ધર્મ તરિકે જ્યારે પોતે લઈને બેસે છે તો મોહન લલ્લુએ જે ત્રણ ત્રણ હેન્ડબીલો કાઢી અનેક પવિત્ર મુનિમહારાજાઓની ગલીચ ભાષામાં નિંદા કરી જેથી તેનું કે તેના સહાયકનું કૃત્ય જૈન શાશનના અધિપતિને ધર્મ વિરૂદ્ધ નથી લાગ્યું ? કે જેને માટે એક અક્ષરની પણ નોંધ પોતાના પત્રમાં લીધી નથી અને હિંદુસ્તાનની સકળ જૈન કોમની લાગણી દુઃખાઈ છે અને તે કૃત્યને અધમાઅધમ ગણે છે ત્યારે જૈન શાસન તેને શું વ્યાજબી માને છે કે ? પત્રકાર તરીકેની શું તેની તે ફરજ વ્યાજબી છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી સ્થિતિ જ્યારે છે ત્યારે તે ઉપરથી તેની લખેલી આ પ્રકરણને અંગે કોઈપણ હકીકત કે હવે પછી એક પક્ષે આવી રીતે લખાએલી જે હકીકત આવશે તે હિંદુસ્તાનનો કોઈ જૈન નિષ્પક્ષપાત તરીકે કે સત્ય સ્વરૂપ તરીકે લેખશે કે ? અને આવી હકીકતના પરિણામે તેમાં આવતી ચર્ચા જવાબ,ચેલેંજ વિગેરે ઉપર જૈનસમાજ કેટલું વજન આપશે તે સર્વ કોઇ સમજી શકે તેવું છે.

એક પક્ષી ચર્ચાના પરિણામે જૈન કોમની દુર્દશા થવાનું તે જે લખે છે તે વાત પોતાનેજ શિર આવી પડે છે માટે, પરોપદેશે પાંડિત્યમ નહિ કરતાં પોતાનેજ તે બાબતનો વિચાર કરવાનો છે. વળી જૈન શાસનવાળો લખે છે કે લખાણુની ભાષા કોમળ અને મિષ્ટ વાપરવી જોઇએ, તે સંબંધમાં જણાવવાનું કે આત્માનંદ સભાએ કરેલા ઠરાવમાં એક પણ શબ્દ અશાંતિ કરવાવાળો નથી, પરંતુ પોતાના પત્રમાં આ ચર્ચાને અંગે લખાએલ લેખમાં પોતે કેવી ભાષા વાપરી છે અને કેવો શાન્તિવાળો લેખ લખેલો છે તે પત્ર વાંચનારાઓની સમજ બહાર નથી.

ધર્મ ગુરૂઓ કે ઉપકારી મહાત્માઓને માટે કોઇ પણ જૈન બંધુ પોતાની ફરજ તરીકે કે ધર્મ બુદ્ધિએ તેવા મહાત્માઓ ઉપર થતાં અયોગ્ય લખાણો કે અવગણુના માટે સાચી હકીકત લખે જણાવે, બોલે, કે તે બાબત ખેદ પ્રદર્શિત કરે, તેવાઓ ધર્મગુરૂઓના નામને બટ્ટો લગાડનારા છે,એવું અઘટિત લખનાર જૈનશાસનના અધિપતિને પોતાની મતિનો ભ્રમ થયો છે તેમ સમજીએ છીએ.

જે ઉપગારી મહાત્માની શિતળ છાયા નીચે અત્યાર સુધી રહી તેમની કૃપાથી જ્ઞાન મેળવી, આવા પત્રો કાઢી તેમાં અસત્ય હકીકત ઉપરથી જે નોટ લખી છે તેવા લખાણો ઉપરથી ભવિષ્યમાં પોતાના ઉપગારી ગુરૂના નામને બટ્ટો લગાડનાર પોતેજ ન થાય તે જૈન શાસનના અધિપતિએ સંભાળવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાત સાબિત કરવાને માટે તેની સત્યતાને માટે, ચોકસ પૂરાવો, સાચા અનુમાનો અને નિષ્પક્ષપાતપણું વિગેરે જેની જેની જરૂર પડે છે તેની અપૂર્ણતા હોય તો તે અપૂર્ણતાવાળો ગમે તેવું લખાણ લખે તે સાચું છે એમ દુનિયા કદી માની શકશેજ નહિ.

ઉપસંહાર કરતાં જણાવવા રજા લઈએ છીએ કે ભાવનગરથી જૈનશાસનના ખબર પત્રીએ અને જૈનશાસને જે ખોટા આક્ષેપો આત્માનંદ પ્રકાશ અને સભા માટે કર્યા છે તેને માટે અમો સંપૂર્ણ દિલગીર છીએ.

---

## ભેટ.

### આગમસારોદ્ધાર ગ્રંથ.

જેમાં પંડિત શ્રી દેવચંદ્રજી કૃત આગમસાર પાંચ ભાવના અધ્યાત્મગીતા તા. શ્રીમદ્ ચિદાનંદજી કૃત પુદ્ગલ ગીતા વીગેરેનો સમાવેશ કરેલો છે.

આ ગ્રંથ વડુના શા. લક્ષ્મીચંદ લાલચંદ તથા પાદરાના શા. પ્રેમચંદ દલસુખભાઈ તરફથી મુનિ મહારાજ તા. સાધ્વીજી મહારાજને ભેટ તરીકે મોકલવાનો છે તેમ જૈન પુસ્તકશાળાઓને પોષ્ટેજનો એક આનો લઇ અને અન્ય ગ્રહસ્થોને નામની કીમતનો એક આનો (જ્ઞાનખાતામાં) તા. પોષ્ટેજનો એક આનો મળી બે આના લેઇ આપવાનો છે તો નીચેના સરનામે લખી મગાવવા વિનંતી છે.

વકીલ મોહનલાલ હીમચંદ.
પાદરા ( ગુજરાત )

---

## વર્તમાન સમાચાર.

### ( હમણાં નીકળેલો વરઘોડો. )

હમણાંમાં ચૌદ પૂર્વના તપની સમાપ્તિ તથા શ્રી દશવૈકાલિક સૂત્રના પ્રારંભ નિમિત્તે શેઠ. ખુબચંદભાઈને ત્યાંથી આશાડ શુદિ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના દિવસે એક મોટો વરઘોડો નીકળ્યો હતો તેમાં શ્વેતાંબરી અને દીગંબરી ભાઇઓએ ભાગ લીધો હતો. તે વરઘોડો બજારમાં ફરી જૈન ધર્મશાળાએ ઉતર્યો હતો. ત્યાં માણેક, મોતી, અને સોના રૂપાના શિકકા વિગેરેથી જ્ઞાન પુજા થયા બાદ શ્રીમાન્ મહારાજશ્રી હંસવિજયજી સાહેબે સૂત્ર વાંચવાનો પ્રારંભ કર્યો હતો.

---

## ( દમણમાં અઠાઈ મહોચ્છવ. )

દમણમાં અઠાઈ મહોચ્છવ અષાડ વદ ૧૦ થી શરૂ થયો છે તેમાં શ્વેતામ્બરી તથા દીગંબરી ભાઇઓ ઉપરાંત વૈષ્નવ લોકો પણ ભાગ લે છે, આ પ્રસંગે વડોદરાથી ખાસ ગવૈયા બોલાવવામાં આવેલ છે અને દરરોજ સુંદર રાગ રાગિણીથી પૂજાઓ ભણાય છે. આ મહોચ્છવમાં લાભ લેવા તથા મુનીરાજ શ્રી હંસવીજયજી મહારાજ તથા પંન્યાસજીશ્રી સંપતવિજય આદી મહારાજોના દર્શનાર્થે સુરતથી શ્રાવક શ્રાવીકાઓ આવે છે મહોચ્છવની સમાપ્તિમાં નોકારશી પ્રિતિ જમણ પણ થયું છે.

---

## ( આશાતના થતી અટકી )

અત્રે દેરાશરમાં મોગરાં પ્રમુખ પુલોની કળીથી આંગી રચવામાં આવતી તથા કળીઓના હાર ગુંથીને ચઢાવવામાં આવતા હતા તે મહારાજ સાહેબ શ્રી હંશવિજયજીના બોધથી પુર્વોકત કામ શાસ્ત્ર વીરૂદ્ધ હોવાથી બંધ કરવામાં આવ્યું છે. અને ચાલતા અઠ્ઠાઇ મહોચ્છવમાં બાદલા કટોરી વીગેરેથી નાના પ્રકારની આંગીઓ રચવામાં આવેલી હતી.

---

## ( હાનીકારક રીવાજ બંધ. )

દમણમાં દીવાશાના લોકીક પર્વ પ્રસંગે નાળીએરની શરતની રમત મોટા પાયાપર ચાલતી જેમકે મુકકી મારી ભાંગવું તથા પરસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર એક બીજાના નાળીએર સાથે પછાડી ભાંગવું, તથા મોટા ઝાડને ઉલંગી જાએ તેવી રીતે ફેંકવું ઈત્યાદી અનેક પ્રકારની સરતોમાં પૈસાનું પાણી કરવા પુર્વક અનર્થ દંડ થતો હતો, તે અત્રે પધારેલા મુનીરાજ શ્રી હંસવીજયજીના ઉપદેશથી બંધ થયો છે અને ખાસ દીવાસાનો દીવસ પ્રાભાવિક ભાવના વ્યખાન પૂજા ભણાવવાથીજ પસાર કરવામાં આવ્યો હતો.

## અત્યંત ખેદકારક સમાચાર.

અમોને જણાવતાં પારાવાર દિલગીરી ઉત્પન્ન થાય છે કે ભાવનગર નિવાસી આ વિદ્વાન બંધુ શા ઝવેરભાઇ ભાઈચંદ ચાલતા માસની વદ ૮ ના રોજ ક્ષયરોગની બીમારી ભોગવી શુમારે અડતાલીશ વર્ષની ઉમરે પંચત્વ પામ્યા છે. તેઓ આ શહેરના જૈન સમુદાયના અગ્રેસર પૈકીના એક હતા. સંસ્કૃત અને માગધી ભાષાના જ્ઞાન સાથે ધર્મના સતત્ અભ્યાસી હોવા સાથે જૈનધર્મનું ઉંચું તત્ત્વજ્ઞાન ધરાવતા હતા. સંસારમાં રહી વ્યવહારના અનેક કાર્યો કરવા સાથે કોઇ પણ જૈનબંધુને જ્ઞાન દાન આપવુંજ એજ જેની જીંદગીનો મુખ્ય ઉદ્દેશ હતો. ધર્મશ્રદ્ધામાં ચુસ્ત હોવા સાથે વ્યવહાર નિપુણ અને સ્વભાવે સરલ અને શાંત હતા. આવા એક વિદ્વાન નરરત્નની આ શહેરમાં એકલામાં નહીં પરંતુ જૈન કોમમાં તેની ખરેખરી ખોટ પડી છે. આ સભા ઉપર તેઓની ખાશ પ્રીતિ હતી. એમના અભાવથી અમોને પણ અત્યંત ખેદ થયો છે. પંરતુ ભાવી પ્રબળ છે. અમો તેમના પુત્ર મી. ફતેચંદ વિગેરે કુટુંબીઓને દિલાસો આપવા સાથે ગત્ વસ્તુનો શોક નહીં કરવા અને પોતાના પિતાએ ગ્રહણ કરેલા ઉત્તમ માર્ગે ચાલી તેનું અનુકરણ કરવા સુચના આપીએ છીએ.

છેવટે તે સ્વર્ગવાસી ધર્માત્માને શાંતિ મળો એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only